# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૫. મોહિની (સુરત જિલ્લો)

: અહેવાલ લેખન :

ગૌરીશ પંડ્યા

સંપાદન

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

65

૧૯૮૦

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૫. મોહિની (સુરત જિલ્લો)


**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

ગૌરીશ પંડ્યા

**ક્ષેત્ર સંશોધન**

કનુભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

રાસ બિહારી લાલ

ડુંગરસિંહ વસાવા

**કોષ્ટકીકરણ**

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

હરગોવિંદભાઈ પટેલ

ડુંગરસિંહ વસાવા



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

65

૧૯૮૦

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| ૧ | ભૌગોલિક પરિસ્થિતિ | ૧ |
| ૨ | આર્થિક જીવન - ૧૯૬૯ | ૮ |
| ૩ | સામાજિક-ધાર્મિક જીવન | ૨૩ |
| ૪ | ૧૯૭૯ માં દેખાતાં પરિવર્તનો | ૫૮ |
| ૫ | સૂચનો | ૮૧ |


.....

- -

"મોહિની ગામના વસાવાઓની સામાજિક આર્થિક તપાસ"

પ્રસ્તાવના:-

ગુજરાતમાં ભીલ અનુસૂચિત જનજાતિની વસ્તી ગુજરાતની કુલ અનુસૂચિત જનજાતિઓમાં ૪૦ ટકાની છે. ભીલોનો વસવાટ દાંતાથી ડાંગ સુધીના વિસ્તારમાં છે. જો કે દરેક વિસ્તારમાં જુદાં જુદાં નામે આ જાતિ ઓળખાય છે. જેવી કે, બનાસકાંઠા-સાબરકાંઠામાં ગરાસિયા, ભીલગરાસિયા, પંચમહાલમાં ભીલ, ભરુચમાં સાગબારા અને ડેડિયાપાડામાં વસાવા અને ડાંગમાં ડાંગી ભીલ તરીકે ઓળખાતી હોવા છતાં વસ્તી ગણત્રી પત્રકોમાં ભીલ તરીકેનો ઉલ્લેખ થયેલો છે.

આ ભીલોના જુદા જુદા વિસ્તારોમાંથી ૧૯૬૯માં ૮ ગામોમાં તપાસકરવામાં આવી હતી. આજ આઠ ગામોની એ જ કુટુંબોની પુનઃ તપાસ ૧૯૭૯ માં કરવામાં આવી હતી. જેમાં આ અહેવાલમાં જે ઉચ્છલ તાલુકાના મોહિની ગામમાં વસાવાઓની પુનઃતપાસ કરેલી તેના પર આધારિત આ અહેવાલ લખાયેલ છે.

તપાસનો ઉદ્દેશ:-

તપાસમાં ૧૯૬૯માં જે કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા તે જ કુટુંબોની વ્યકિતગત મુલાકાત લઇ માહિની એકત્ર કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ એ હતો કે ૧૦ વર્ષની આદિવાસી વિકાસ ઘટકોની અનેકવિધ ક્ષેત્રે કામગીરી થયેલ હોવાથી તેમજ આર્થિક સુધારણા માટેની વિવિધ યોજનાઓનું અમલીકરણ થવાથી તે ઉપરાંત આદિવાસી વિસ્તાર પેટા યોજના દાખલ થતાં, આ ગામમાં આર્થિક ક્ષેત્રે કેટલું પરિવર્તન આવ્યું છે;

તેમજ સામાજિક પરિવર્તન માટેના અનેકવિધ પરિબળોના પરિપાક રૂપે ગામના સામાજિક આર્થિક માળખામાં કયાં કયાં કેવા પરિવર્તનો આવ્યા છે તે જાણવાનો હેતુ હતો.

### તપાસ પધ્ધતિઓ:-

આ તપાસ માટે ૧૯૬૯માં નિયમિત અંકન દૈવનમૂના પધ્ધતિ દ્વારા ૪૭ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. આ ૪૭ કુટુંબોની વ્યકિતગત મુલાકાત લઇ ત્રણ પ્રકારની અનુસૂચીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેમાં એક કુટુંબ પત્રક બીજું સામાજિક માહિતી માટેની અનુસૂચી અને ત્રીજા નંબરમાં આર્થિક માહિતી માટે અનુસૂચી બનાવી માહિતી ઊંડાણ-પૂર્વક એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત મુલાકાત, અવલોકન, કિસ્સો એકત્ર કરવાની પધ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૯૭૯માં પણ એ જ ૪૭ કુટુંબોને પસંદ કરી, જેમાંથી મૃત્યુ પામેલ અને ગામ છોડી ગયેલ કુટુંબોને છોડી દઇ ૩૮ કુટુંબોમાં કુટુંબપત્રક અને આર્થિક માહિતી માટેની અનુસૂચી સાથે જોડી દઇ માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ સિવાય બીજી માહિતી મુલાકાત, અવલોકન, વગેરે પધ્ધતિઓને આધારે એકત્ર કરવામાં આવી હતી.



## પ્રકરણ – ૧

## ભૌગોલિક પરિસ્થિતિ

૧૯૬૯માં મોહિની ગામની આર્થિક સામાજિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ કરનાર સંશોધકોએ ૧૯૬૯ના સમયમાં જે પ્રકારની સ્થિતિ હતી તેની નોંધ કરેલ છે, જેને વિગતે જોઇએ.

### વાતાવરણ–આબોહવા:

સૂરત જિલ્લાથી પૂર્વમાં ઉચ્છલ તાલુકો આવેલો છે. તેની આબોહવા માર્ચથી જુલાઇ સુધી ગરમ અને ભેજવાળી રહે છે, જયારે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હવામાન સૂકું અને ઠંડુ રહે છે, જુલાઇ અને ઓગષ્ટમાં અહીં વરસાદ વધુ પડે છે. આ વિસ્તાર જંગલોથી છવાયેલો છે જેને કારણે વરસાદનું પ્રમાણ વધુ રહે છે.

ઉચ્છલ તાલુકામાં નોંધાયેલ ૧૯૬૯ના વર્ષ પહેલાના ૮ વર્ષના વરસાદના આંકડા નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૯૬૧ | ૧૨૦૪ મિ.મી. |
| ૧૯૬૨ | ૮૨૫ મિ.મી. |
| ૧૯૬૩ | ૧૫૨૧ મિ.મી. |
| ૧૯૬૪ | ૧૩૦૫ મિ.મી. |
| ૧૯૬૫ | ૧૩૦૫ મિ.મી. |
| ૧૯૬૬ | ૧૨૧૧ મિ.મી. |

| | |
|---|---|
| ૧૯૬૭ | ૧૧૩૯ મિ.મી |
| ૧૯૬૮ | ૧૩૫૧ મિ.મી. સુધી |

ઉપરના આંકડાઓ બતાવે છે કે ૧૯૬૨ના વર્ષ સિવાય તાલુકામાં એકંદરે વરસાદનું પ્રમાણ ઘણું જ સારું જોવા મળ્યું છે. પરંતુ કોઇક કોઇક વર્ષે વરસાદની ખેંચ જણાતા પાક નિષ્ફળ જાય છે. મોહિની ગામમાં ૧૯૬૮ માં વરસાદની ખેંચ પડતા પાક નિષ્ફળ ગયો હતો.

ગામ:-

મોહિની ગામની આજુબાજુનો વિસ્તાર જંગલોથી છવાયેલો હતો. અને તપાસના વર્ષ દરમિયાન કેટલાક જંગલો ઉકાઇ જલાગાર યોજનામાં ડૂબતાં જતા ગામોને વસાવવા માટે કપાઇ રહ્યાં છે. આ જંગલો સાફ કરી નવી વસાહતો કરવામાં આવશે.

મોહિની ગામમાં બંને બાજુ હારબંધ ઘરો છે. અને વચ્ચેથી એક કાચો રસ્તો પસાર થાય છે. આ રસ્તો ઉચ્છલ-નિઝર રોડ પર આવેલ મોહિનીના પાટિયાથી કરોડ સુધીનો કાચો છે. જ્યાં બસવ્યવહાર તપાસના વર્ષ દરમિયાન સુધીમાં ચાલુ નથી. ગામમાં ઘરો છૂટાછવાયા નહીં પણ ગામઠાણની જગ્યાએ એક જગ્યાએ બાંધેલ છે. જે ઘરોની દિવાલો એક-બીજા સાથે જોડાયેલ નથી. પણ નજીક નજીકમાં જ ઘરો બાંધવામાં આવેલ છે. ગામમાં બે સિવાય બધા જ મકાનો કાચા છે જે મકાનો વાસમાંથી બનાવી ઉપર માટી લીંપવામાં આવી છે. કેટલાક ઘરો ઉપર ઘાસનું છાજ છે જ્યારે કેટલાક ઘરો પર નળિયા છે. ગામની વચ્ચે એક કૂવો છે જે કૂવાનો ઉપયોગ ગામના લોકો પીવા માટે પાણી ભરવાનો નહાવા માટે તથા ધોવા માટે ઉપયોગ કરે છે. આ સિવાય ચાર કૂવા છે, જેનો સિંચાઇમાં



ઉપયોગ થતો નથી.

વસ્તી:-

તપાસના વર્ષ દરમિયાન કુલ ૯૬ કુટુંબો ગામમાં હતા. જેમાંથી ૫૦ ટકા કુટુંબોને અભ્યાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.

૧૯૬૧ની વસ્તી ગણત્રી મુજબ મોહિની ગામમાં ૭૯ કુટુંબો હતા અને કુલ વસ્તી ૫૦૫ ની હતી જેમાં ૨૬૩ પુરુષો અને ૨૪૨ સ્ત્રીઓ હતી.

તપાસના વર્ષમાં ગામના ૯૬ કુટુંબોમાંથી ૪૮ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા જે આ પ્રમાણે હતા.

| | જાતિ | કુટુંબો | વસ્તી |
|---|---|---|---|
| ૧. | વસાવા | ૪૫ | ૩૨૭ |
| ૨. | કાથોડી | ૧ | ૫ |
| ૩. | કોટવાળિયા | ૧ | ૨ |
| ૪. | હરિજન | ૧ | ૭ |
| | કુલ | ૪૮ | ૩૩૯ |

## ઘરની રચના:-

બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલમાં જેમ છૂટાછવાયા ઘરોથી ગામ વસેલ છે તેમ નથી કે પછી જેમ ત્યાં એક ઘર અને બીજા ઘર વચ્ચે જે અંતર જોવા મળે છે તેવું અંતર અહીં નથી. પણ આખું ગામ સાથે જ વસેલ છે. વસવાટની જગા એક જગ્યાએ છે અને ચારે બાજુ ખેતીલાયક જમીન છે. અહીં ઘરો બે લાઇનમાં છે અને વચ્ચે રસ્તો છે. આ રસ્તાની બન્ને બાજુ ઘરો આવેલાં છે. જોકે દરેકની માલિકીની ઘરની ભીંતો અલગ હોય છે. કોઇ વ્યક્તિના ઘરની અને પોતાના ઘરની ભીંત એક હોતી નથી. બાકી એકદમ નજીક નજીક ઘર છે જેથી આખું ગામ એક સ્થળે વસેલ છે.

ઘરોની બનાવટમાં ભીંતો વાંસની હોય છે. અને આ ભીંતો ઉપર માટીનું લીંપણ કરી દેવામાં આવે છે. ઉપર સાજ નળિયા કે થેપલાનું હોય છે. ઘર બનાવતી વખતે લાકડાના મોટા થાંભલા ઊભા કરી ચારેબાજુ વાંસની ખાપટો બાંધી દે છે. પછી તેના પર છાણથી લીપણ કરવામાં આવે છે. મોટાભાગના ઘરો આ પ્રમાણે છે. આ સિવાય ગામમાં સુખી ગણાતા બે કુટુંબોના ઘર પાકા છે. જેમાં ઈંટથી બનાવવામાં આવેલ છે. અને ઉપર નળિયા છે. કેટલાક સુતારને બોલાવી ઘર બાંધે છે. તો કેટલાક હાથોહાથ ઘર બાંધવામાં એકબીજાને મદદ કરે છે. કેટલાક ઘરોની આગળ ઘાસ ભરવાનો માંડવો જોવા મળ્યો છે. આ રહેવાના ઘરમાં એક ઓરડો હોય છે. જેને એક પણ બારી મુકવામાં આવેલી હોતી નથી. આ ઓરડામાં રાખવા માટેનો ચુલોએક ખુણામાં હોય છે. વચ્ચે વાંસની બનાવેલ અનાજ ભરવાની કોઠીઓમૂકેલી હોય છે. એક બાજુ ઘંટી રાખે છે. કેટલાક ઘંટી બહારની ઓસરીમાં પણ રાખે છે. ઓરડામાં ખાંડવા માટેનો ખાણીયો પણ હોય છે. તેમજ બીજી વસ્તુઓ પણ ઘરમાં મૂકી રાખે છે.



ઢોર બાંધવાનું ઘર અલગ હોય છે. એટલે ઢોર બાંધવાનો ઓરડો ઘરના ઓરડાની બાજુમાં જ હોય છે. કેટલાક સાથે સાથે ઘાસ ભરવા માટેનું ઘર પણ બનાવે છે. જેની પાસે ઢોર બાંધવાનું ઘર ન હોય તે ઢોરને ઘરની બહાર બાંધી દે છે. રહેવાના ઓરડાની બહાર ઓસરી હોય છે. જે ભાગ આગળથી ખુલ્લો રાખે છે. કેટલાક વાંસની ખાપોટમાંથી કટલા જેવું બનાવીને રાખે છે. ઓસરીની બહાર લાકડાની ઘોડી બનાવી તેના ઉપર પાણી પીવાના માટલા મુકી રાખે છે. આ માટલાની ઘોડી કેટલાક ઓસરીમાં પણ મૂકી રાખે છે. આ ઘોડીમાં ૪ હાથ ઉંચાં લાકડા જમીનમાં નાખી તેના ઉપર એક મોટું કોતરેલ લાકડું ગોઠવે છે. કે જે નીક જેવું હોય તેનો એક છેડો નીચો હોય છે જેથી પાણી નીક દ્વારા નીચે જતું રહે. આ ઘોડી પર ૩ થી ૪ માટલા મૂકે છે. એકબે ઘરમાં નાની કોઠી એક લાકડું ઉભુ કરીને મુકેલ હતી. આ કોઠીને મળ હતો. આ ઘોડી પર પાણી લેવા માટે પીતળનો ડોયો, એલ્યુમીનીયમનો ડોયો કે તુંબડીમાંથી બનાવેલ ડોયો મુકી રાખે છે. સાથે લોટો કે પવાલું પણ મુકેલ હતું.

## ઘરવખરી:

વસાવાઓ પાસે માત્ર થોડા પ્રમાણમાં જ ઘરવખરીના સાધનો હતા. તેમની જરુરીયાત પ્રમાણે માટીના રાંધવાના વાસણો, આ ઉપરાંત એકાદ બે એલ્યુમીનીયમના વાસણો જેવા કે તપેલા રાખે છે. તેમની પાસે પિત્તળનો લોટો, થાળી, કે પ્યાલા જૂજ કુટુંબમાં હતા. મોટેભાગે માટીના વાસણો દ્વારા જ તેઓ ચલાવે છે. કેટલાકની પાસે પીતળના મોટા તપેલા પણ જોવા મળ્યા હતા. ગામમાં એક આદિવાસી કુટુંબ (ગામના પટેલ) પાસે સ્ટીલના વાસણોનો ઉપયોગ થતો હતો. આ સિવાય ગામમાં સ્ટીલ કે તાંબાપીતળના વાસણોનો ઉપયોગ ખાસ થતો ન હતો. તેઓ ઘરમાં બે ઘંટી રાખે છે. એક મોટી અને

એક નાની. મોટી ઘંટીમાં જુવાર (દાદર) કે ભાત (ડાંગર) દળવા માટે અને નાની ઘંટી તુવેર -મઠ વગેરે માટે રાખવામાં આવે છે. તેમની પાસે કાથીના અને વાંસના બનાવેલ ખાટલા હતા. પાટી કે ખેંડના પલંગોનો ઉપયોગ નથી કરતા. કેટલાક કુટુંબો મોટું કુટુંબ હોવા છતાં પણ એક કે બે જ ખાટલાઓ રાખે છે, આમ કેટલીક વસ્તુની જરુરીયાત હોવા છતાં પણ આર્થિક દુર્દશાને લીધે મેળવી શકતા નથી.

દરેક કુટુંબ 'આસવી' (માછલી પકડવાની જાળ) રાખે છે. કેટલાક કુટુંબોની પાસે ફાનસ હતી. જ્યારે મોટા ભાગના કુટુંબો ચીમની રાખતા હતા. તેઓ છત્રીનો ઉપયોગ કરે છે. લાકડાના કબાટ કે ખુરશીઓ તેમની પાસે નથી. પરંતુ ગામમાં ઘણા કુટુંબો પાસે લાકડાનો બનાવેલ બાંકડો જોવા મળ્યો હતો. આ લાકડાનો બનાવેલ બાંકડો પરસાળમાં બેઠક તરીકે ગોઠવવામાં આવે છે. આમ ઓછામાં ઓછા ઘરવખરીના સાધનો જોવા મળ્યા હતા.

પહેરવેશ:
-------

સામાન્ય રીતે પુરુષો ધોતિયુ અને ખમીશ પહેરે છે. અને કેટલાક માથે ધોળી ટોપી પહેરે છે. મોટેભાગે પુરુષો ઉઘાડા પગે ફરે છે. થોડા ઘણા જ બહાર જવાને માટે ચંપલ સ્લીપર પહેરે છે. ૫ થી ૭ વર્ષના બાળકો ચડ્ડી અને ખમીસ કે બુશશર્ટ પહેરે છે. બાકી નાની ઉમરના બાળકો ઉઘાડા જ ફરે છે. ગામમાં કેટલાક યુવાન વયના પુરુષો, પાટલુન ખમીશ, બુશશર્ટ વગેરે પહેરે છે. સ્ત્રીઓ સાડી પહેરે છે અને મહારાષ્ટ્રીયનની જેમ પાછળના ભાગમાં કછોટો મારે છે. ઉપરના ભાગમાં કબજો પહેરે છે. પગમાં ચંપલ કે સ્લીપર વગેરે ભાગ્યે જ પહેરેછે. નાની વયની છોકરીઓ કેટલીક ઘાઘરી અને કબજો પહેરે છે. જ્યારે મોટાભાગની નાની છોકરીઓ લંગોટ બાંધે છે. કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ કબજો પહેરતી



નથી. માત્ર નાના ટુકડાના કપડાની કાંચળી બાંધે છે. ગામમાં ટેરેલીન, રેશમી કાપડનો ઉપયોગ દેખાતો નથી. મોટે ભાગે સુતરાઉ કપડાનો વપરાશ થતો જોવા મળ્યો હતો.

ઘરેણાં :-
--------

શરીરના શણગાર માટે જુદી જુદી જાતના ઘરેણાનો ઉપયોગ કરે છે. સ્ત્રીઓ કાચની બંગડીઓ, કાનમાં ચાંદીના તેમજ ચાલુ ફેશનના કાપ (કાનફુલો) વગેરે પહેરે છે. ગળામાં સાંકળી પહેરે છે. પુરુષો પણ ચાંદીના બટનો અને કાનમાં સિક્કાઓની બનાવેલ કડી પહેરે છે. પરંતુ કાનમાં પુરુષોમાં પહેરવાનો રિવાજ ભીલોની જેમ પ્રચલિત નથી. સ્ત્રીઓ ખાસ કરીને પગમાં કલ્લા તેમજ નાકમાં વાળી પહેરે છે. તેમની પાસે ચાંદીના ઘરેણાવધુ જોવા મળતા નથી. તેઓ નીકલ તેમજ કલાઇના દાગીનોનો ઉપયોગ કરે છે. વૃધ્ધ સ્ત્રીઓ ગળામાં ઘણી લાંબી અને મોટી શીરા (નેકલેસ) જે ચુનાના પથ્થરમાંથી બનાવેલ હોય છે તે પહેરે છે. મોહિની ગામમાં વૃધ્ધ સ્ત્રીઓમાં શીરા પહેરવાનું વધુ પ્રચલિત છે. અને મોટા ભાગની વૃધ્ધ સ્ત્રીઓ શીરા પહેરે છે. આ શીરાઓની એક ગંઠી ઓછામાં ઓછી રુ.૧૦/-ની થાય છે. તેઓ ઓછામાં ઓછી ૫ ગંઠીની બનાવેલી શીરા પહેરે છે. સ્ત્રીઓ આંગળીએ વીંટી પહેરે છે.

વૃધ્ધ સ્ત્રીઓ મોટે ભાગે ઉપરના વસ્ત્રોમાં કાંચળી જ પહેરે છે. ગામમાં સ્ત્રીઓ જાહેર કુવાઓ તેમજ ઘરની આગળ ઉઘાડા શરીરે નહાય છે .

# પ્રકરણ – ૨

## આર્થિક જીવન ૧૯૬૯

### મિલ્કત :-

૧૯૬૯ની તપાસના વર્ષે તપાસેલ કુટુંબોમાં મિલ્કતોમાં બધુમાં વધુ પ્રમાણ જમીનનું હતું, તે સિવાય ઘર અને પશુ મિલ્કત તરીકેની કિંમતોમાં બીજી મિલ્કતો કરતા પ્રમાણમાં વધુ દેખાય છે. આ મિલ્કતોને નીચેના કોઠામાં જોતા તેની વિગતો વધુ સ્પષ્ટ થશે.(ટેબલ નં.૧ માટે જુઓ પાન નં.૯ અને ૧૦)

### આવકનાં સાધનો:-

ગામના મુખ્ય ધંધામાં ખેતી અને મજુરીગણી શકાય. સૌ પ્રથમ આપણે કુલ કામ કરતી વસતિ અને જુદા જુદા ધંધામાં કામ કરતી વસતિ તપાસીશું.

કામ કરતી વસતિનું પ્રમાણ ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે

| | વર્કર્સ | નોન વર્કર્સ |
|---|---|---|
| ગુજરાત | ૪૧.૦૭ | ૫૮.૯૩ |
| સુરત જિલ્લો | ૪૪.૩૭ | ૫૫.૬૩ |
| ઉચ્છલ તાલુકો | ૫૭.૧૦ | ૪૨.૯૦ |
| મોહિની ગામ | ૩૯.૪૦ | ૬૦.૬૦ |

| ખેતીના સાધનો | કુવો | ઘરવખરીના સાધનો | અન્ય | ઘરેણાં | મકાન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | - | ૭૪ | - | ૨૦૦ | ૨૫૦ | ૧૪૬૪ |
| ૧૬૭ | . | ૧૨૮૬ | ૪૦ | ૪૯૫ | ૮૦૦૦ | ૩૬૬૪૩ |
| ૧૦૭૮ | - | ૧૦૩૭ | - | ૬૩૦ | ૭૪૦૦ | ૫૨૮૦૦ |
| ૬૦૯ | - | ૬૭૦ | ૫ | ૩૮૦ | ૮૪૦૦ | ૪૬૬૭૧ |
| ૧૯૦૧ | - | ૭૪૦ | ૫ | [illegible] | ૧૦૦૦૦ | ૬૧૬૮૦ |
| ૨૬૯૯ | ૧૦૧૦૦ | ૨૦૬૬ | ૪૨૦૦ | ૮૧૦૦ | ૨૫૦૦૦ | ૧૪૯૨૬૫ |
| ૮૦ | - | ૭૬૫ | ૫ | ૨૫ | ૫૬૫૦ | ૧૩૨૧૪ |
| ૬૫૫૯ | ૧૦૧૦૦ | ૬૬૩૮ | ૪૨૫૫ | ૧૦૩૩૦ | ૬૪૭૦૦ | ૩૬૧૭૩૮ |



કોઠાનં.૧

જમીનના કદ પ્રમાણે મિલ્કત (રૂપિયામાં)

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | કુલ જમીન એકરમાં | જમીન | ઝાડ | પશુઓ |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧ | ૧.૦૦ | ૫૦૦ | ⊥ | ૪૧૫ |
| ૨.૫ થી ૫ | ૮ | ૨૭.૨૫ | ૨૦૪૦૦ | - | ૬૨૫૫ |
| ૫ થી ૭.૫ | ૯ | ૫૨.૦૦ | ૬૧૩૫૦ | ૧૮૫૦ | ૯૪૫૫ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૪૭.૨૮ | ૨૯૬૫૦ | ૪૪૦ | ૬૫૦૮ |
| ૧૦ થી ૧૫ | ૫ | ૬૭.૧૩ | ૩૭૫૦૦ | ૯૫૦ | ૧૦૦૮૪ |
| ૧૫ થી વધારે | ૫ | ૧૦૨.૨૬ | ૯૦૮૦૦ | ૨૫૫૦ | ૨૩૭૫૦ |
| જમીન વગરના | ૧૩ | - | - | - | ૬૬૯૯ |
| કુલ | ૪૭ | ૨૯૮.૧૨ | ૧૯૦૨૦૦ | ૫૮૦૦ | ૬૩૧૫૬ |

ઉપરના કોઠામાં જોઇશું તો જણાશે કે કામ કરતી વસ્તીનું પ્રમાણ સૌથી વધારે ઉચ્છલ તાલુકામાં છે. જે ૫૦ ટકા કરતા પણ ઘણું વધારે છે.

આજીવિકા મેળવવા માટે કામ કરી શકે તેવા બધા જ સભ્યોએ કામ કરવું પડે છે. ખેતીની ઓછી આવક અને અન્ય કોઇ સ્થિર આવક નહીં હોવાને કારણે જ્યાં મળે ત્યાં મજુરી કરવી પડતી હોય છે. આ તાલુકામાં કોઇ ઉદ્યોગ કે ખનિજ સંપતિ નહીં હોવાને કારણે તથા શહેરી વિસ્તાર પણ નહીં હોવાને કારણે ખેતી અને મજુરી સિવાય રોજગારીનું કોઇ મહત્વનું સાધન નથી. આ બને સાધનો દ્વારા આવક મેળવવા માટે ઘરના બધા જ લોકોએ એક યા બીજા પ્રકારનું કામ કરવું પડતું હોય છે.

ગુજરાત રાજયમાં તથા સુરત જિલ્લામાં કામ કરતી વસ્તીનું પ્રમાણ અનુક્રમે ૪૧ ટકા અને ૪૪ ટકાનું છે. એટલે કે જિલ્લા અને રાજયના આ પ્રમાણ વચ્ચે બહુ મોટો તફાવત નથી. તપાસેલ મોહિની ગામમાં જે પરિણામ આવે છે તે સાધારણ નવાઇ ઉપજાવે તેવું લાગે છે. કારણ અહીંયા પણ કામ કરતી વસ્તીનું પ્રમાણ રાજય અને જિલ્લાના પ્રમાણ કરતા વધારે હોવું જોઇએ. ગામમાં ઓછામાં ઓછી જરુરીયાત મેળવવા માટે પણ કામ કરી શકે તેવી બધી જ વ્યકિતઓ એ કામ કરવું પડતું હોય છે. ગામમાં માત્ર ૫૦૫ ની વસ્તીમાંથી કામ કરતીવસ્તીનું પ્રમાણ ૧૯૯ નું જ છે. એટલે કે કુલ વસ્તીના માત્ર ૩૯.૪ ટકા વસ્તી જ કામ કરતી છે. એટલે કે દર દસ (૧૦) માણસે ચાર (૪) જ માણસો કામકરે છે. અને તે ચાર (૪) માણસો ઉપર બીજા છ (૬) માણસો આધાર રાખે છે. અમારી તપાસ દરમ્યાન ગામમાં પુખ્ત ઉંમરની સ્ત્રીઓ તથા પુરુષો જુદા જુદા કામમાં રોકાયેલ હતા. જેમકે પુરુષો જંગલ મજૂરીમાં અને સ્ત્રીઓ રસ્તાની મજૂરી, માછલા પકડવા વગેરે ધંધામાં રોકાયેલી હતી. ૧૪ થી ૧૮ વર્ષના છોકરાઓ પણ જંગલમાં



કુટુંબના વડા સાથે ભાઠી કામમાં મદદ કરવા માટે જતા હતા. આ બધા ઉપરથી એમ લાગે છે કે ગામમાં ૫૦ ટકા કરતા વધારે વસ્તી કામ કરતી હશે. ૧૯૬૧ના સેન્સસની જે કાંઇ માહિતી છે તે ગામ પૂરતી તો વિશ્વાસપાત્ર જણાતી નથી.

જુદા જુદા ધંધામાં કામ કરતી વસ્તી

(આંકડા ટકામાં)

| | | તાલુકો ઉચ્છલ | | ગામ મોહિની |
|---|---|---|---|---|
| (૧) | ખેતી | ૫૮.૩ | ૯૩.૬ | ૨૬.૧ |
| (૨) | ખેતમજુરી | ૩૫.૩ | | ૭૩.૯ |
| (૩) | ખાણ, પશુપાલન તથા અન્ય | ૦.૯ | | - |
| (૪) | ગૃહઉદ્યોગ | ૦.૬ | | - |
| (૫) | ગૃહઉદ્યોગ સિવાયના ઉદ્યોગ | ૦.૦૪ | | - |
| (૬) | બાંધકામ | - | | - |
| (૭) | વેપાર | ૧.૦૦ | | - |
| (૮) | વાહન તથા સંદેશા | ૦.૦૩ | | - |
| (૯) | અન્ય સેવાઓ | ૩.૩૬ | | - |
| | | ૧૦૦.૦ ટકા | | ૧૦૦.૦ ટકા |

કુલ કામ કરતી વસ્તીમાંથી જુદા જુદા ધંધામાં કામ કરતી વસ્તીનું પ્રમાણ જોયું. ગામમાં આ પ્રમાણ બનાવવામાં આવ્યું છે તે પરથી કહી શકાય કે ૨૦ વર્ષની સ્વતંત્રતા પછી પણ લોકોને ખેતીના ધંધામાંથી અન્ય ધંધા તરફ વાળી આવકના વધુ સાધનો પૂરા પાડવા અને જમીન પરનું દબાણ ઓછું કરવા માટેના આ વિસ્તારમાં કોઇ પ્રયત્નો જ થયા નથી. કારણ ગામની સો એ સો ટકા વસ્તી ખેતી અને ખેત મજૂરી ઉપર જ જીવે છે. જે ધંધાનો આધાર કુદરત સાથે વણાયેલો છે.

બીજા અર્થમાં એમ કહી શકાય કે ગામની સો એ સો ટકા વસ્તી કુદરત ઉપર જ આધાર રાખી જીવે છે. વિજ્ઞાનની સિધ્ધિઓ તથા મનુષ્યનો કુદરત ઉપરનો વિજય એ બધી તો આ વિસ્તારમાં રહેતી પ્રજાને મન પરિકલ્પનાઓ જ છે. તાલુકામાં પણ જોઇશું તો જણાશે કે ૯૩.૬ ટકા વસ્તી ખેતી તથા ખેતમજૂરી પર જ જીવે છે. એટલે કે સમગ્ર તાલુકામાં રોજગારીના માળખામાં નહિવત્ ફેરફાર પણ થયો હોય તેમ જણાતું નથી.

ખેતી એ આવકનું મહત્ત્વનું સાધન છે. તે ઉપરની હકીકત પરથી જાણી શકાય. હવે આપણે આ મહત્વના સાધનને માટે જમીન તથા અન્ય સાધનો વિષે જોઇએ.

જમીન:-
------

ગામનીકુલ જમીન ૧૯૬૭-૬૮ માં (સરકારી દફતર પ્રમાણે) ૮૭૪ એકર ૧૯ ગુંઠા છે. જેમાંથી ખેતીલાયક જમીન ૭૩૨ એકર ૩૯ ગુંઠા છે. ૧૯૬૧ ની ગામની વસ્તી ૫૦૫ માણસોની છે. એટલે કે વ્યકિતદીઠ ૧૯૬૧ માં ૧.૪ એકર જમીન આવે. સરેરાશ કુટુંબનું કદ ૫ નું હોય તો કુટુંબદીઠ ૭ એકર જમીન ગણી શકાય. ૬૧ પછીના આઠ વર્ષમાં થયેલ વસ્તી વધારાને ખ્યાલમાં લઇએ તો કુટુંબદીઠ અને વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ



જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન (એકરમાં) | કુટુંબ દીઠ જમીન | કુલ કુટુંબના ટકા | કુલ ધારણ કરેલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧ | ૧.૦૦ | ૧.૦૦ | ૨.૧૩ | ૦.૩૪ |
| ૨.૫ થી ૫.૦ | ૮ | ૨૭.૬૩ | ૩.૪૫ | ૧૭.૦૨ | ૯.૨૬ |
| ૫ થી ૭.૫ | ૯ | ૫૨.૦૦ | ૫.૭૮ | ૧૯.૧૫ | ૧૭.૪૩ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૪૭.૭૦ | ૭.૯૫ | ૧૨.૭૭ | ૧૫.૯૯ |
| ૧૦ થી ૧૫ | ૫ | ૬૭.૩૨ | ૧૩.૪૬ | ૧૦.૬૪ | ૨૨.૫૭ |
| ૧૫ થી ઉપર | ૫ | ૧૦૨.૬૫ | ૨૦.૫૩ | ૧૦.૬૪ | ૩૪.૪૧ |
| જમીન વગરના | ૧૩ | - | - | ૨૭.૬૫ | - |
| કુલ | ૪૭ | ૨૯૮.૩૦ | ૬.૩૫ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

૬૧ ટકા કરતા પણ ઓછું કહેવાય.

કુટુંબ પાસે કેટલી જમીન છે તે ઉપરથી તેની આર્થિક સ્થિતિનો અંદાજ બાંધી શકાય. પરંતુ તે અંદાજ બાંધતા પહેલા જમીનની જાત, ખેડૂતની આર્થિક સ્થિતિ, સિંચાઇની સગવડો, જમીનમાં થતા પાક આબોહવા અને વરસાદ ખેતીના સાધનો, ધીરાણની સગવડો, વાવેતરની પધ્ધતિઓ તથા ખેતીની નવી રીતોની જાણકારી એ બધા પરિબળો પણ આ વિસ્તારમાં કેવા છે તે જોવા જોઇએ. આ બધા પરિબળો અનુકૂળ હોય તો ઓછી જમીન હોવા છતાં સારી આવક મેળવી શકાય. તેથી વિપરીત હોય તો આવક ઓછી. હવે આપણે ઉપર જોયેલ પરિબળો આ વિસ્તારમાં અનુકૂળછે તે જોઇએ.

જમીનનું પ્રમાણ કુટુંબદીઠ કેટલું આવે તે આપણે જોયું હવે જમીનની વહેંચણી જુદા જુદા જમીન ધરાવતા કદમાં કેવી રીતે છે તે જોઇએ.

| કદ | ખાતેદાર | કુલ જમીન (મોહીની) | ખાતેદાર તાલુકો | કુલ જમીન તાલુકો |
|---|---|---|---|---|
| ૦-૧ | - | ૧-૩૫ | ૫ | ૩.૩૭ |
| ૧-૨ | ૧ | ૧-૩૫ | ૨૭ | ૪૪.૩૨ |
| ૨-૩ | ૨ | ૫-૦૦ | ૪૬ | ૧૧૯.૧૮ |
| ૩-૪ | ૩ | ૧૦-૩૫ | ૭૩ | ૨૫૭.૨૦ |
| ૪-૫ | ૧ | ૪-૦૫ | ૧૨૨ | ૫૬૨.૧૦ |
| ૫-૧૦ | ૨૧ | ૧૫૧.૦૦ | ૬૬૭ | ૫૦૬૭.૧૯ |
| ૧૦-૧૫ | ૧૯ | ૨૩૭.૩૧ | ૬૭૪ | ૮૩૩૮.૧૪ |
| ૧૫-૨૦ | ૯ | ૧૫૧.૩૭ | ૪૩૩ | ૭૫૧૨.૦૪ |
| ૨૦-૨૫ | ૩ | ૬૪.૧૮ | ૧૯૬ | ૪૫૩૦.૦૯ |
| ૨૫ થી વધારે | ૬ | ૨૧૯.૧૨ | ૩૧૦ | ૧૧૨૧૦.૧૪ |
| | ૬૫ | ૮૪૬.૧૩ | ૨૫૫૩ | ૩૭૬૭૬.૧૭ |



હાલમાં ગામમાં કુલ ૯૬ કુટુંબો છે તેમાં ખાતેદારની સંખ્યા ૬૫ ની છે. કેટલાક કુટુંબો જમીન વિહોણા છે જયારે કેટલાક કુટુંબો પાસે જમીન છે પણ તેમનું અલગ ખાતુ નહિ હોવાથી ઉપરના ખાતમાં જ તેમની જમીનનો સમાવેશ થઇ જાય છે. એટલે કે કેટલાક કુટુંબો પાસે જમીન હોવા છતાં તેમના ખાતા અલગ કરેલ નહિ હોવાથી તેમના નામે જમીન નથી પરંતુ ખરેખર તે થોડી વધતી જમીન ખેડતા હોય છે.

મોહીણીમાં ૧ એકરથી ઓછીજમીન ખેડનાર એક પણ ખાતેદાર નથી. ૧૦ એકરથી ઓછી જમીન ધરાવનાર ખાતેદારો ૨૮ એટલે કે કુલ ખાતેદારના ૪૩ ટકા છે અને તેઓ કુલ જમીનના ૨૦.૪ ટકા જમીન ધરાવે છે. જયારે બાકીના ૫૭ ટકા ખાતેદારો ૭૯.૬ ટકા જમીન ધરાવે છે. એટલે કે જમીનની વહેંચણી સમાન નથી. ઓછી જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા ખૂબ વધારે છે. અને તેને કારણે આવા ખાતેદારો માત્ર ખેતીના ધંધામાંથી પૂરતી આવક મેળવી શકતા નથી અને તેને કારણે ખેતીનાં પૂરતાં સાધનો રાખી શકતા નથી. ખાસ તો ૨૫ એકરથી વધારે જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા પણ કુલ ખાતેદારના ૯.૨ ટકા છે અને ૯.૨ ટકા ખાતેદાર ૨૫ ટકા કરતા વધારે જમીન ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ગામના ૯૧ ટકા કુટુંબો પાસે ગામની ૭૫ ટકા

જમીન છે જયારે ગામના ૯ ટકા કુટુંબો પાસે ૨૫ ટકા જમીન છે. ખાસ કરીને વધારે જમીન ધરાવતા કુટુંબોમાં પોલીચ પટેલનું કુટુંબ તથા તેમના વડવાઓ સૌ પ્રથમ ગામમાં આવેલા અને જરુરી જમીન ખેડાણ નીચે લાવેલા ત્યાર બાદ બીજા લોકો આવ્યા. તે વખતે જમીનનું પ્રમાણ ઓછું હતું આથી તેમના ભાગમાં ઓછી જમીન આવી.

જમીનની જાત:
-----------

આ વિસ્તારની જમીનમાં કપાસ, જુવાર તથા ડાંગરના પાક માટે અનુકુળ ગણાય. જોકે બારડોલી વિસ્તારની જમીનોની જેમ આ જમીનોમાં ભેજ સંગ્રહવાની શક્તિ હોતી નથી એટલે વરસાદ વધારે ખેંચાય તો ડાંગરના પાકને નુકશાન થાય છે. જમીનમાં લાલ માટીનું પ્રમાણ વધારે હોય છે. મોટા ભાગની જમીન સપાટ છે તેથી ધોવાણનો ડર રહેતો નથી.

| | | તુલવારી |
|---|---|---|
| | ૧૯૬૧-૬૨ | ૧૯૬૭-૬૮ |
| જુવાર | ૧૧૯.૧૮ (૧૬.૨) | ૨૫૭.૧૮ (૩૫૪.૦) |
| ડાંગર | ૧૩૦.૦૩ (૧૭.૭) | ૧૨૦.૦૭ (૧૬.૦) |
| નાગલી | ૩.૨૬ | - |
| હલકું ધાન્ય (કોદરા બંટી વિ.) | ૧૨૦.૩૩ (૧૭.૦) | |
| ઘઉ | ૪.૨૧ | - |
| રાયડો | ૦.૧૦ | |
| કઠોળ | ૧૪૨.૩૩ (૧૯.૫) | ૧૩૪.૧૩ (૧૭.૮) |



| | | |
|---|---|---|
| મરચી | ૧.૧૧ | ૦.૩૪ |
| દિવેલ | ૧૧.૨૮ | ૧.૧૭ (૫.૬) |
| કપાસ | ૧૯૨.૩૫ (૧૬.૩) | ૯૩.૨૨ (૧૨.૫) |
| અન્ય | ૧.૧૬ ( | ૬.૦૨ |
| દુબારી | ૦.૦૬ | - |
| નેટ | ૭૨૨.૩૯ | ૭૫૪.૧૧ |
| કુલ રકબો | ૮૨૪.૧૯ | ૮૭૪.૧૯ |

ઉપર પ્રમાણે ૧૯૬૧-૬૨ અને ૧૯૬૭-૬૮ના વર્ષમાં જુદાજુદા પાક નીચેનો વિસ્તાર તપાસ્યો. કુલ તુ કરેલ વિસ્તારમાં થોડો વધારો થયો છે. પણ અનાજ-વારીમાં પણ ફેરફાર થયા છે. જેમકે જુવારના પાકના વાવેતરમાં ખુબ વધારો થયો છે. આ પ્રમાણ ૧૬.૨ ટકાથી વધીને ૩૪ ટકા થયું છે. એટલે કે કુલ વાવેતરના ૧/૩ ટકા ભાગમાં તપાસના વર્ષમાં જુવારનું વાવેતર થયેલું. જે ૧૯૬૧-૬૨ના વર્ષમાં ૧/૬ ભાગમાં થયેલ. ડાંગર, અને હલકું ધાન્ય, કઠોળ તથા કપાસના વાવેતરના વિસ્તારમાં ૧૯૬૧-૬૨ કરતા ૧૯૬૭-૬૮ ના વર્ષમાં ઘટાડો થયો છે. જયારે મગફળીના વાવેતરમાં થોડો વધારો થયેલ જોવા મળે છે. ખાસ નોંધપાત્ર કહી શકાય તેવો ફેરફાર તો માત્ર જુવારના વાવેતરમાં જ થયો છે.

રોકડીયા પાકોમાં કપાસ ગણી શકાય. આ વાવેતર ૧૬.૩ ટકા વિસ્તારમાં થયું હતું. જે ઘટીને ૧૨.૫ ટકા થયું છે પણ તેની સાથે સાથે મગફળીના પાકનો વિસ્તાર ૧૯૬૧-૬૨ના કપાસ અને મગફળીના વાવેતરના વિસ્તાર કરતા વધારે છે.

ખેતીના સાધનો:-

ખેતીના ઓજારોમાં લાકડાના હળનો ઉપયોગ કરે છે. અને તેની સાથે ખેતરમા ખેડ માટે લોખંડનો ખપ્પો વાપરે છે. કરબ, ચમાર, વગેરેનો પણ ઉપયોગ કરે છે. ઘણા કુટુંબોની પાસે ગાડુ છે, ગાડાનો ઉપયોગ મોટે ભાગે ઉત્પાદનને બજારમાં પહોંચાડવા માટે તેમજ એક ગામમાંથી બીજા ગામમાં મુસાફરી માટે કરે છે. આધુનિક ખેતીના સાધનો જોવા મળતા નથી. સિંચાઇની સગવડ નહી હોવાને લીધે ઓઇલ એન્જિન જોવા મળતા નથી.

બિયારણ:-

મોટે ભાગે તેઓ દેશી બિયારણ વાપરે છે. સુધરેલા બિયારણનો ઉપયોગ કરતા નથી. આ ઉપરાંત સુધરેલ બિયારણ વિશેની માહિતી ધરાવતા નથી. ખાતરમાં મોટે ભાગે છાણીયા ખાતરનો ઉપયોગ કરે છે. પોતાના ઢોરનું ખાતર પોતાના ઝૂંપડાની પાસે રાખે છે અને ભેગું કર્યા પછી ખેતરમાં નાખી દે છે. છાણિયા ખાતરને કોહવડાવવામાં આવતું નથી. આ ઉપરાંત રાસાયણિક ખાતરનો વપરાશ કરવામાં આવતો નથી. રાસાયણિક ખાતર તેમને પોસાતું નથી. તેમજ રસાયણિક ખાતર વિશે તેમની પાસે કોઇ માહિતી નથી તેઓ સુધરેલ બિયારણ કે ખાતરનો ઉપયોગ કરતા નથી.

સિંચાઇ:-

ગામમાં સિંચાઇની કોઇ સવલત જોવા મળતી નથી. ગામમાં કુલ પાંચ કુવાઓ છે જેમાંથી માત્ર એક કુવા દ્વારા સિંચાઇથી ખેતી કરવામાં આવે છે. અને તેમાંયે મુખ્યત્વે શાકભાજીનું વાવેતર, કરવામાં આવે છે. જમીન પથરાળ હોવાથી કુવામાં પાણી રહેતું નથી. તેમજ ઊંડે સુધી ખોદવામાં ખર્ચ પણ વધુ આવે છે. આમ તેમની ખેતીનો મુખ્ય આધાર



ચોમાસાના વરસાદ પર જ નિર્ભર છે. ચોમાસુ સારુ આવે તો ખેતીમાં ઉત્પાદન થાય છે. અને સારા ચોમાસાને લીધે રવિ જુવાર પણ સારી આવે છે. આમ તેમની ખેતીનો આધાર સારા ચોમાસા પર છે.

આવકના સાધનો:-

ગામમાં મોટેભાગે કુટુંબોનો વ્યવસાય ખેતી છે. અને તેમની ૭૯ ટકા જેટલી આવક ખેતીમાંથી થાય છે. સારા વર્ષમાં ખેતીની આવક સારી રહે છે. પરંતુ આ ઉપરાંત કુટુંબનું ભરણ પોષણ કરવા માટે મજરી કરવી પડે છે. જ્યારે કેટલાક કુટુંબોનીપાસે જમીન નથી તેઓ માત્ર મજૂરી પર જ પોતાનું ગુજરાન ચલાવે છે. આમ ખેતી તથા મજુરીના ધંધામાંથી આવક મેળવે છે. પશુપાલનના ધંધામાંથી આવક નજીવી રહે છે.

પશુપાલનના ધંધાની આવક નહિવત્ છે. કેટલાક કુટુંબો ભેંસો તથા ગાયો રાખે છે. પરંતુ ઢોરોને સારો ખોરાક આપી શકતા નથી. આથી તેમની દૂધ-ઘીની આવક હોતી નથી. ભેંસ કે ગાય એક ટંકે ૧ લીટર જેટલું દૂધ માંડ આપે છે જે પોતાના ઘરવપરાશમાં રાખે છે. આમ એકંદરે પશુપાલનના ધંધામાંથી કોઇ આવક થતી નથી.

ગામમાં લોકોને મજૂરી મળે છે. આ વિસ્તારમાં જંગલો વધુ હોવાથી જુદી જુદી જંગલમંડળીઓમાં કામ મળીરહે છે. જંગલમંડળીમાં ઘનમીટરે ઝાડ કાપવાનું તથા બીજી અનેક જાતના જંગલના કામની મજૂરી મળી રહે છે. કેટલાક લોકો કોલસા પાડીને પણ સારી મજૂરી મેળવે છે. કેટલાક મજૂરો તો દિવસના ૧૦ થી ૧૨ રુપીયાનો રોજ પણ પાડે છે. ખેતમજૂરી ખાસ મળતી નથી. આ વિસ્તારના લોકો પાસે થોડી જમીન હોવાથી ખેતીના કામમાં મજૂરીનો જરુર રહેતી નથી. આમ જંગલ મજૂરી તેઓને સારી મળે છે.

આ ઉપરાંત રાહતના કામોમાં રસ્તાઓના કામોમાં મજુરી મળે છે. રસ્તાના કામમાં દિવસદીઠ રુ. ૨/- આપવામાં આવે છે. જંગલમંડળીમાં નેસુ જંગલમંડળીઓમાં ગામનાઅનેક મજુરો રોકાયેલા છે. આમ મુખ્યત્વે ખેતીના ધંધા તથા મજૂરી કરીને તેઓ પોતાનું પેટિયુ કાઢે છે.

તેમનો શિક્ષણ પાછળતેમજ દવાદારુપાછળનો ખર્ચ નહિવત્ છે. શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરતા નથી. આ ઉપરાંત દવાદારુ માટેદેશી દવાઓથી ચલાવે છે. ભાગ્યે જ દવા માટે દવાખાનામાં જાય છે. તેમના ખર્ચનો મોટો ભાગ દારુ પાછળ ખર્ચાય છે. મજુરો પગારના દિવસે તેમજ વચ્ચે પણ દારુનો વપરાશ વધુકરે છે. ગામમાં લગભગ બધા માણસો પીધેલ હાલતમાં નજરે ચડે છે. દારુની બદીનું કારણ મહારાષ્ટ્ર રાજ્યમાં દારુબંધી નહીં હોવાનુ ગણાવી શકાય. નવાપુર ગામમાં મહુડાનું વેચાણ થાય છે અને તેઓ ચૂપકીદીથી મહુડાની ખરીદી કરીને દારુ બનાવે છે. આમ દારુ પાછળનો ખર્ચ બહોળા પ્રમાણમાં થાય છે. આ ઉપરાંત તમાકુ, બીડી, પાછળ પણ વધુ ખર્ચ કરે છે.

બજાર:-

ગામના લોકો મોટા ભાગે વેચાણ નવાપુરમાં જ કરે છે. ગાડા દ્વારા નવાપુર ખેતપેદાશ લઇ જાય છે. ગમે તે દિવસે નવાપુર લઇ જઇને વેચે છે. પરંતુ સામાન્ય રીતે જેનો પાસેથી પૈસા લેતા હોય છે તે વાણીયા કે મારવાડીને ત્યાં વેચે છે. ગામમાં વેચાણ કરતા નથી. ગામમાં બે ત્રણ સુખી કુટુંબો ધિરાણ કરે છે. અને ઘણીવાર તેઓને અનાજ ધિરાણના બદલામાં આપી દે છે.

ગામમાં ધિરાણ મંડળી નથી. પોતાની ધિરાણની જરુરીયાત ગામમાંથી અથવા તો નવાપુર વાણીયા કે શાહુકાર પાસેથી મેળવે છે. પહેલા તેઓ પોતાની બચત વાણીયાને ત્યા મુકતા હતા. પણ હવે બેંકમાં મુકતા થયા છે. ધિરાણમાં અનાજ બી માટે લે છે. અને મણ બીના બદલામાં સવા મણ અનાજ પાછું આપવાનું હોય છે. પોતાની ખાદ્ય તેમજ મરી મસાલા તેલ વગેરે ગામમાંથી પટેલની દુકાને થી મેળવે છે. આ ઉપરાંત દર શનિવારે નવાપુર હાટમાંથીમેળવે છે. પોતાની બધી જીવન જરુરીયાત ની ચીજ વસ્તુઓ નવાપુર ગામમાંથી ખરીદે છે.

:-



## પ્રકરણ – ૩

### સામાજિક ધાર્મિક જીવન

હવે વસાવાઓની સામાજિક સંસ્થા તથા સંસ્કૃતિના કેટલાક પાસા જોઇએ.

**કુટુંબ વ્યવસ્થા:-**

મ.ટીના વસાવાઓમાં પિતૃવંશીય કુટુંબવ્યવસ્થા છે. સ્ત્રી પરણીને તેના પતિને ઘેર જાય છે. કુટુંબની સત્તાઓ પિતા હસ્તક હોય છે. ઘરનોવારસો પુત્રોને મળે છે. મહત્ત્વની બાબતોમાં નિર્ણય કરવો હોય તો તે નિર્ણય પણ પિતા લે છે. તેમજ ઘરની કમાણી વડીલ પુરુષની પાસે રહે છે. ખર્ચ કરવામાં તેની સંમતિ જરુરી હોય છે.

'મોહિની' ગામથી તપાસ માટે લીધેલ ૪૮ કુટુંબોમાંથી ૧ કુટુંબ કોટવાળનું, ૧ કુટુંબ કોથોડીનું અને એક કુટુંબ હરિજનનું હતું તે સિવાયના ૪૫ કુટુંબો 'વસાવા' જાતિનાં હતા. જેની કુલ વસતિ ૩૩૧ ની છે. આ ૪૫ કુટુંબોને સભ્ય સંખ્યા પ્રમાણે મૂકીએ તો નીચે પ્રમાણે કોઠો આવે.

| સભ્ય સંખ્યા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૨ | ૩ | ૬ | ૫ | ૪ | ૫ | ૬ | ૨ | ૬ | ૪ | ૧ | ૧ | ૪૫ |

વસાવા જાતિને જે બીજી જાતિ સાથે લગ્ન વ્યવહાર છે તેવી જાતિ કે પછી તેને પેટા જાતિ તરીકે માનીએ તો વસાવા સિવાય ગામમાં ગાવીત અને વડવીના કુટુંબો

છે જેને તપાસમાં વસાવા તરીકે જ અમે ગણ્યાં છે. ગામમાંથી લીધેલ ૪૫ કુટુંબોમાંથી જાતિવાર આ પ્રમાણે કુટુંબો હતા.

(૧) વસાવા - ૩૧

(૨) વડવી - ૧૦

(૩) ગાવીત - ૪

------

કુલ.. ૪૫

ગામમાં વસવાટમાં પ્રથમ આવેલ કુટુંબ 'વડવી'નું હશે. કારણ કે ગામમાં ચાલી આવતી પટલાઇ વારસાગત છે. અને પટેલ તરીકે વડવી જાતિના ભાઇ છે.

ગામમાં જુદાં જુદાં ગોત્રો વચ્ચે કોઇ જાતનું સ્તરીકરણ નથી એટલે કે વસાવા, વડવી કે ગામીતમાં ઉચ્ચનીચનો ભેદભાવ નથી. પણ ગામમાં વસતા અન્ય જાતિના કુટુંબો પ્રત્યે સ્તરીકરણ જોવા મળ્યું છે. જેમકે વસાવા, વડવી કે ગામીત એક સ્તરમાં આવે. પછી કાથોડી, પછી કોટવાળ અને કોટવાળ પછી હરિજન આવે છે. ક્રમમાં કાથોડી, વસાવા, વડવી કે ગામીતના ઘરનું ખાય છે. પણ કાથોડીના ઘરનું આ લોકો ખાતા નથી. તેમજ કાથોડી પોતાનાથી ઉતરતા ક્રમમાં કોટવાળને માનતા હોવાથી તે કોટવાળનું ખાય નહીં. અને કોટવાળથી ઉતરતી કક્ષામાં હરિજનને ગણે છે. આ કુટુંબો વચ્ચે લગ્ન પ્રસંગે ચાંલ્લાનો વ્યવહાર પણ નથી. કારણ કે નીચેના ક્રમમાં આવતી જાતિઓને ઘેર ઉપલા વર્ગની જાતિઓ જઇ રોટી વ્યવહાર રાખતી નથી. કોઇ એક બીજાને અસ્પૃશ્ય નથી ગણતા; પણ સામાજિક દરજ્જા પ્રમાણે પોતાને ચડતા-ઉતરતા ક્રમમાં માને છે. ગામમાં વસતા કુટુંબોમાં જે જાતિ સાથે રોટીવ્યવહાર હોય તે કુટુંબો અંદરોઅંદર લગ્નવ્યવહાર કરે છે. તેમાં



લોહીના સંબંધી સિવાયના કુટુંબો સાથે લગ્ન વ્યવહાર યોજે છે. ગામમાં પ્રસંગ હોય તો પોતાની જાતિના બધા કુટુંબોને આમંત્રણ આપે છે.

અહીં સંયુક્ત કુટુંબ કરતા વિભક્ત કુટુંબની સંખ્યા વધારે પ્રમાણમાં છે. કુટુંબના વસવાટ પ્રમાણે મુકીએ તો નીચે પ્રમાણે વિભાગોમાં મુકી શકાય.

(૧) પતિ-પત્ની, અપરણીત બાળકો

(૨) પતિ-બે પત્ની અપરણીત બાળકો

(૩) પતિ- પત્ની પુત્ર, પુત્રવધૂ પુત્રી

(૪) પતિ-પત્ની, પુત્રો, પુત્રવધૂ, પુત્રી, પૌત્ર, પૌત્રીઓ

(૫) પતિ-પત્ની, પુત્રીઓ, જમાઇ, પુત્ર, પૌત્ર

(૬) પતિ-પત્ની, પુત્રી જમાઇ

(૭) વિધુર; પુત્ર, પુત્રવધૂ, પૌત્ર, પૌત્રીઓ

(૮) વિધવા; પુત્ર, પુત્રવધૂ, પૌત્ર, પૌત્રીઓ

(૯) પતિ- ૩ પત્નીઓ, ત્રણના બાળકો, બેનો, માતા-પિતા

(૧૦) પતિ-પત્ની.

## રીતરિવાજો

### જન્મ, બાલ્યાવસ્થા:

### રજસ્વલા સ્ત્રી:

રજસ્વલા સ્ત્રી હોય તેને 'પોતડું આવવું', 'લુગડું આવવું' કે 'ઊળ' (નહાવું) કહે છે, પોતડું કે લુગડું આ સમય દરમિયાન બગડે તેને લીધે પોતડું કે

લુગડું શબ્દ પ્રચલિત થયો હશે. રજસ્વલા સ્ત્રી ૪ કે ૬ દિવસે નહાય છે. આ સમય દરમિયાન તે રાંધવાનું, પાણી ભરવાનું કે દેવની પુજા જેવા કાર્યો કરતી નથી. હિન્દુઓની માફક વસાવા સ્ત્રીઓ રાંધવાનું કે પાણીભરવાનું કામ કરતી નથી. બીજા કામો કરે છે. ૪ દિવસે નાહયા બાદ ઘરનું કામકાજ કરે છે. આ સમય દરમિયાન પુરુષો તેની સાથે જાતિયસંબંધ બાંધતા નથી.

સમય પ્રમાણે જયારે પોતડું આવવું બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે તે વાત સ્ત્રીઓ તથા મોટા ભાગના પુરુષો જાણે છે. જોકે પુછેલા પ્રશ્નોના ઉત્તરમાં કેટલાક પુરુષો જણાવે છે કે 'પેટ ઉંચુ આવે ત્યાર ખબર પડે' કે 'અમને શું ખબર' વગેરે જવાબો આપેલ પણ મોટે ભાગે વાકેફ છે.

ગર્ભ રહે ત્યારથી માંડી બાળક આવે ત્યાં સુધીમાં કોઇ જાતની વિધી કે સંસ્કારો હિન્દુઓની માફક કરતા નથી. પણ કોઇ સ્ત્રીને અમુક સમય સુધી બાળકો ન થતા હોય અને તે માટેની બાધા હોય કે 'હું બકરું કે મરઘું ચડાવીશ' (દેવને) તો આવી માનતાઓ રાખેલી હોય તે પુરી કરવામાં આવે છે. તે સિવાય કોઇ વિધિ કરતા નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પતિને ઘેર જ થાય છે. સુવાવડ બાદ તેના મા-બાપ મળવા આવે.

સુવાવડ સમયે પોતાની જાતિની જ દાયણ આવે છે. દાયણને તેઓ 'હવાડી' કહે છે. હવાડી બાળકની પ્રસૂતિ કરાવે તે પછી તે સુવાવડી સ્ત્રીને શરીરે દારુ ઘસે છે તેમજ પીવા પણ આપે છે. આ હવાડીને પ્રસૂતિ પેટે રુ. ૨/- અને જુવાર ૩ કીલો જેટલી આપે છે. અને દારુ પાય છે. હવાડી સુવાવડના પાંચમા દિવસે 'નવડાવવા' માટે આવે છે. આ સમયે બાળકનું નામ હવાડી પાડે છે. નામ પાડયા બાદ હવાડીને જુવાર આપે અને દારુ પાય છે. સુવાવડી સ્ત્રીને ખોરાકમાં ચોખા કે હલકા ધાન્યમાંથી રાબ જેવું



બનાવી આપે છે. આ વખતે જે ખાવા આપે છે તે મીઠા વગરનું હોય છે. તેને 'ડાસલી' કહે છે. આ ડાસલી ૧૦ દિવસ આપે છે. મીઠા વગર ડાસલી આપવાનું કારણ બતાવે છે કે બાળકનું પેટ સારું રહે માટે.

બાળકને સુવાડવા માટે ઘોડિયાનો ઉપયોગ કોઇ ઘરમાં થતો નથી પણ ઓસરીમાં કે ઘરમાં જે લાકડાના થાંભલા હોય ત્યાં દોરડું બાંધી રાખે છે () વચ્ચેના ભાગમાં સાડી કે કોઇ કપડાને લેવડાવીને ગોઠવી પછી બાળકને સુવાડે છે. જ્યારે બાળક સુઇ ન રહે ત્યારે આ બાંધેલા દોરડા ઉપર મોટા છોકરા હીચકા નાખે છે. સ્ત્રીને પ્રથમ છોકરો જન્મે તો તેની બાબરી ત્રણ માસે કાપે છે. આ વિધિ વખતે મામાને બોલાવે છે. અને 'મામો' બાળકના વાળ કાપે છે. કાતરથી વાળ કાપનાર મામાને એક મરઘુ આપવું પરે છે.

મોટા બાળકો નાના બાળકોને રમાડવા માટે ઘેર રહે છે. તેમજ મોટું થાય તેમ તેને કામેલગાડે છે. જેમકે ઢોર ચરાવવા મોકલે, મહુડા વીણવા જાય, ડોળી વીણવા જાય, લાકડા લાવવા વગેરે કામો કરતું થાય છે. તે સિવાય ગામની નિશાળમાં પણ બાળકો જાય છે. પણ ઘણી ઓછી સંખ્યામાં. બાળકોની નિયમિત હાજરી નિશાળમાં રહે છે. કારણ કે તે ઢોર ચરાવવા કે જંગલમાં વનપેદાશો લેવા જાય કે નાના બાળકને રાખવા માટે ઘેર રહેવું હોય છે. કેટલાક મોટા છોકરાઓ માછલીઓ વીણવા જાય છે.

છોકરો કે છોકરી જયારે ૧૨ થી ૧૬ વર્ષના થાય ત્યારે જંગલમાં કે બીજા કામોમાં મજુરીએ પણ જાય છે. જયારે લગ્ન કરાવવા લાયક થાય ત્યારે તેમના લગ્નો માટે માતાપિતા યોગ્ય ઘરની પસંદગી કરી બતાવે છે કે અમુકના ઘેર છોકરો કે છોકરી

છે. પસંદ કરી આવો; આમ છોકરીને લગ્નક્ષેત્રે પસંદગીની છૂટ છે. એમની ઇચ્છા મુજબ લગ્નો કરાવવામાં આવે છે.

લગ્ન:-
-----

મોહિનીના વસાવાઓમાં લગ્ન એક પત્ની અને બહુપત્નીત્વ એમ બંને પ્રકારના થાય છે. એકપત્ની લગ્નનું પ્રમાણ વધારે છે. જ્યારે બહુપત્નીત્વનું પ્રમાણ ઓછું છે. કારણકે લગ્નમાં અપાતું દહેજ વધારે પ્રમાણમાં હોવાથી એક લગ્ન કરવામાં જ જ્યા મુશ્કેલી પડતી હોય ત્યા આર્થિક ક્ષેત્રે વધારે પત્નીઓ રાખવી તે મુશ્કેલ પડે. છતાં બહુપત્નીત્વ એ વસાવાઓના સમાજમાં પ્રતિષ્ઠા અને આર્થિક ક્ષેત્રે સુખી હોય એમ સુચવે છે. બહુપત્નીત્વમાં ગામમાં જ એક વ્યક્તિને પાંચ પત્નીઓ હતી. તેમાંથી એક જતી રહી અને એક મૃત્યુ પામી. અત્યારે હાલ ૩ પત્નીઓ છે. એટલે કે જેમ પત્નીઓ વધુ તેમ સામાજિક તેમજ આર્થિક દરજ્જો ઉંચો. બે પત્નીઓ તો કેટલાય કુટુંબોમાં જોવા મળે છે.

લગ્નસાથી નીચેની રીતે પસંદ કરવામા આવે છે.

(૧) માતા-પિતાએ ગોઠવેલ,

(૨) માતાપિતાએ ગોઠવેલ છતાં પોતાની પસંદગી આવશ્યક (છોકરા અને છોકરી બન્નેની)

(૩) પસંદગીના લગ્ન:- જેમાં માતાપિતાને ખબર ન હોય અને પ્રેમ થતાં બન્ને લગ્ન કરે છે.

(૪) નાસી જઇને થતાં લગ્ન,

(૫) સેવા વિવાહ:- (સેવા લગ્નમાં છોકરાની આર્થિક સ્થિતિ સારી ન હોય તો તે પાંચ વર્ષ છોકરીના બાપને ઘેર કામ કરીને દહેજ વસુલ કરે, જેને 'ખંધાડીયા' પ્રથા પણ કહે છે.)



(૬) બળપૂર્વકના લગ્ન:- જેમાં છોકરીની ઇચ્છા ન હોય છતાં બળપૂર્વક ખેંચી લાવે.

(૭) હઠલગ્ન:- છોકરાની કે તેના કુટુંબના માણસોની ઇચ્છા ન હોય તો પણ છોકરી બળજબરાઇથી આવીને ઘરમાં બેસે.

આ બધા પ્રકારોમાં ખાસ કરીને માબાપે ગોઠવેલ લગ્નમાં છોકરા-છોકરીની પસંદગીથી થયેલ લગ્નોની સંખ્યા વધારે છે. અને બીજા 'ખંધાડીયા' પ્રથા પ્રમાણે થયેલ લગ્નો. લગ્નની ઉંમર ૧૬ થી ૨૧ વર્ષની ગણવામાં આવે છે. છોકરાનો બાપ કન્યા શોધે છે.

સગાઇ (વિવાહ):-
-------------

કોના ઘેર છોકરો કે છોકરી છે આવું પ્યાતિયા જાણતા હોય કે પોતાનો કોઇ સગો ખબર લાવે કે અમુક વ્યક્તિના ઘેર છોકરી છે, ઘર સારું છે, વગેરે. માહિતી લાવે લગ્નમાં અગત્યનો ભાગ ભજવે છે તેને વસાવા 'કોટિયો' કહે છે.

નાની સગાઇ:-
----------

પ્રથમ કોટિયો અને જેનું લગ્ન કરવાનું હોય તે છોકરો બન્ને જણ છોકરી જોવા જાય. સામેવાળા છોકરી બતાવે પસંદ હોય તો હા કહે, અને અમુક દિવસે સગાઇ કરવા આવીશું એમ કોટિયો દિવસ નક્કી કરી ઘેર આવે.

નક્કી થયેલ દિવસે છોકરો, તેના પિતા, બા, કોટિયો તેમજ ગામમાંથી ૩૦ થી ૪૦ જેટલા કુટુંબી સ્ત્રી-પુરુષો નાની સગાઇ કરવા જાય. છોકરીવાળાના ગામમાં પહોચ્યા બાદ બીજાને ઘેર બધાને ઉતારો આપે. પછી ગામના આગેવાનો તેમજ કુટુંબીઓ મળવા આવે. વાતો કરે, બીડીઓ પીવે, છોકરાવાળા પોતાની સાથે દાળ, ભાત લઇ જાય તે

ત્યાં જઇને રાંધીને ખાય છે. પછી કન્યાપક્ષના અને છોકરાના પક્ષના કન્યાને ઘેર એકત્ર થાય. ગામવાળા સ્ત્રીપુરુષો એક બાજુ અને બીજી બાજુ વરપક્ષવાળા બેસે છે. છોકરી પોતાના કુટુંબીઓ સાથે બેસે છે. બન્ને પક્ષના સગાઓ ભેગા થઇ 'છોકરાને' અને 'છોકરીને' પૂછે છે કે તમારી હા છે, પસંદ છે' જો બન્ને હા પાડી દે તો છોકરીવાળા એક થાળીમાં હળદર, ચોખા તેમજ બેચાર આના નાખીને લાવે અને થાળી વચ્ચે મુકે, પછી દહેજ નક્કી થાય. છોકરીવાળા કહે કે આટલા પૈસા લેવાના છે તો પછી બન્ને પક્ષે ભાંજગડ કરીને એક રકમ નક્કી કરવામાં આવે. આ વખતે વરપક્ષેથી ૪૦ રુપીયા થાળીમાં નાખવામાં આવે છે. આ ૪૦ રુપીયા દારુ પીવા માટે અપાય છે. પછી જે દહેજ નક્કી કર્યું હોય તે પ્રમાણે થાળીમાં મુકે જો કોઇની સ્થિતિ સારી ન હોય તો આ વખતે અડધું દહેજ મુકે બાકીનું પાછળથી આપે. કેટલાક પુરુ દહેજ પણ આપી દે છે. પછી ૪૦ રુપીયાનો દારુ લાવીને બધા પી જાય છે. આ વખતે નક્કી કરે કે અમે અમુક દિવસે મોટી સગાઇ કરવા આવીશું.

મોટી સગાઇ:
----------

મોટી સગાઇમાં વરપક્ષેથી ચારેક પુરુષો જાય છે. આ વખતે કન્યાપક્ષવાળા આ લોકોને મરઘુ કે બકરા ખવડાવે. દારુ પાય, વરપક્ષવાળા મોટી સગાઇના ૮૦ રુપીયા કન્યાના બાપને આપે છે. અને આ સમયે જાન કયા દિવસે આવશે તે નક્કી કરી લે.

મોટી સગાઇ થાય ત્યાંથી જાન આવે ત્યાં સુધી બન્નેના ઘેર દરરોજ સર્જિ સ્ત્રી-પુરુષો નાચે છે.



મંડપ નાખવો:-
-----------

થોડાક માણસો જઇને જાંબુના લાકડાં લઇ આવે અને તેનો મંડપ બાંધે, માંડવે અને રસ્તે તોરણ બાંધે, માંડવો લાવનારને ખવડાવે છે.

જાન:-
-----

જે દિવસે જાન જવાની હોય તે દિવસે છોકરાને હળદર ચોળે છે. (છોકરીને ઘેર પણ તે જ દિવસે હળદર ચોળાય છે) છોકરીના ઘેર જાન આવવાની હોય તેના દિવસે મોટી સગાઇના આવેલ ૮૦ રુપીયામાંથી ગોળ લાવીને ગામલોકોને આપે છે.

જાનમાં વરપક્ષેથી લગભગ ૧૦૦ માણસો આવે છે. જેને ઘરનું ગાડું હોય તે સાથે લઇ જાય છે. વરપક્ષેથી વરના ઘેરથી બધાનું ખાવાનું લઇ લે છે. એક ટકનું ખાવાનું પોતપોતાનું સૌ સાથે લે છે. સાથે ઢોલી, લે છે. સાથે "મોરાલી છીબલી" (લગ્નની છાબડી) લે છે તેમાં એક ધોતિયુ એક લુગડુ (સાડી) કોપરેલ, કાંસકી, તથા એક થાળીની અંદર હળદર, ચોખા, દારુનો બાટલો લે છે, રસ્તામાં ગીતો ગાતા ગાતા જાય છે.

જાન કન્યાને ગામ પહોંચ્યા બાદ કન્યાના ઘરની નજીકમાં જે ઝાડ હોય ત્યાં ઉતારો આપવામાં આવે છે. જાન સર્જિના આવી હોય છે. આ સમયે ગામના વડીલ સ્ત્રી-પુરુષો, છોકરીઓ મળવા આવે છે. જાન રાત રોકાય છે. જાનને આવ્યા બાદ સર્જિ જમવાનું દરેકના ઘરનું જે લાવ્યા હોય તે ખાય, રાત્રે લાડાને કન્યાપક્ષેથી સ્ત્રીઓ હળદર દેવા માટે આવે છે. અને વરપક્ષેથી કન્યાને હળદર દેવા જાય છે. બને પક્ષો આખી રાત પોતપોતાની જગ્યાએ નાચે છે. રાત્રે વરપક્ષવાળા થોડીવાર 'છાબડી' નચાવે છે. (એટલે જે લગ્નની છાબડી છે તેને વારાફરતી સ્ત્રી પુરુષો લઇને નાચે છે) વરને

પણ ખાંધે બેસાડીને નાચે છે. પ્રથમ ભાઇ નચાડે પછી કુટુંબીજનો નચાડે છે. દારુ પીને નાચે છે.

સવારે કન્યાપક્ષ વાળા ૮૦ રુપીયાનો જેગોળ લાવ્યા હોય તેમાંથી વધેલ ગોળ વરપક્ષવાળાને આ મૂકવા આપે છે. પછી છોકરાના ઘેરથી જે જમવાનું લાવ્યા હોય તે બનાવીને બધા ખાય છે.

જમ્યાં બાદ કન્યાપક્ષેથી અને વરપક્ષેથી સ્ત્રીઓ નવ વખત હળદર અદલાબદલી કરી ચોળે છે. જેમાં વરની હળદર કન્યાને ચોળવા જાય અને કન્યાની હળદર કન્યાપક્ષેથી વરને ચોળવા આવે. આમ નવ વખત એકબીજાની હળદર ચોળવામાં આવે છે.

<u>માંડવો આફવા જવું (મંડપે અડવા જાય)</u>

વરપક્ષેથી છોકરા-છોકરીઓ વરને ઘોડા પર બેસાડીને માંડવા સુધી લઇ જાય, ઘોડા પર બેઠાં બેઠાં જ લાડો તલવાર અડકાડવા આવે ત્યારે કન્યાપક્ષવાળા છોકરીઓ મોટો વાંસ લઇને રસ્તો રોકીને ઉભા રહે ત્યારે તે માંગે તેટલા પૈસા આપે પછી જ માંડવા પાસે જવા દે. તલવાર અડકાડયા બાદ ઉતારે પાછા જાય છે (વરપક્ષવાળા).

ત્યારબાદ વરપક્ષેથી બધાય માંડવે આવે અને માંડવે આવીને નાચે તે વખતે કન્યાવાળા પણ નાચે, વરને ખાંધે બેસાડીને નચાડે, નચાડયા બાદ લાડાને કન્યાના ઘરમાં લઇ જાય, અને છાબડીમાં જે કપડા લાવ્યા હોય તે કપડાં કન્યાને ઓઢાડે. લાડા-લાડીને ઘરમાં પથારી ઉપર ઉભા રાખે, ટોપલીમાં જે કોપરેલ હોય તે કન્યાની બેન કન્યાને માથે લગાડે પછી ચોટલો વાળે, ત્યાર બાદ કન્યાની બેન જેટલા પૈસા માગે તેટલા તેને આપે (૪ થી ૫ રુ.) ઓઢાડયા બાદ છેડા બાંધે છે. આ વખતે છેડા સાથે એક-બે આના



બાંધે છે. પછી માંડવે લાવી બન્નેને બંને પક્ષવાળા ખાંધે બેસાડીને નચાવે, નાચના નાચના સાત ફેરા ફરે, પછી નચાડીને માંડવામાં મુકેલ પાટલા પર ઉભા રાખે.

<u>ઉપરા પાડવા: -</u>

(ઘઉંના લોટને બાફીને નાની ગોળીઓ બનાવી, તેમાંથી હાર પણ બનાવે છે અને બીજા ગોળા એમને એમ રાખે છે)

જે હાર બનાવ્યા હોય તેનાથી વરને અને કન્યાને પહેરાવે છે જે ઉપરા વધ્યા હોય તે ચારે બાજુ નાખે જેના હાથમાં આવે તે ખાય, ઉપરા બાદ તેમને ઉંચકીને બીજી જગ્યાએ લઈ જાય છે.

<u>સેંગળ પૂજવા જાય: -</u>

(આસીતરાનું ઝાડ, બીડી વાળવાના પાનનું ઝાડ) બન્નેને ઝાડ આગળ લઇ જઇને ઉભા રાખે, પુજવાવાળો માણસ સેંગળના ઝાડ આગળ લીંપે, ચોખાના ઢગલા કરે, તેની અંદર પૈસા મુકે, પછી દારુની ધાર દે. બન્ને જણને હાથમાં દારુ સાથે એટલે લાડો લાડીને અને લાડી લાડાને દારુ પાય. ત્યાં ઉંચકી લાવીને નચાડે, નચાડયા બાદ વરપક્ષવાળા જે છાબડી લાવ્યા હોય તે છાબડી નચાવે આ વખતે કન્યાપક્ષેથી કોઇ એ છાબડી લઇ લે તો તેને પૈસા આપી છાબડી પાછી લે છે.

પછી વરનું ગાડું કન્યાને ઘેર આવે તેમાં ઉંચકીને બન્નેને બેસાડે. અને જાન લાડાના ગામ જવા રવાના થાય. જયારે પોતાનું ગામ આવે ત્યારેગામ બહાર એક ઝાડ નીચે બધા બેસે ત્યાં વરપક્ષેથી લાડાનો બાપ બધાને દારુ પાય.

પછી જાન ગામમાં આવે ઘેર આવ્યા બાદ લાડી ગાડામાંથી ઉતરે નહીં. ત્યારે તેને ગાય કે ભેંસ આપવામાં આવે ત્યારે ઉતરે (ઉપાડી લેવામાં આવે) કન્યા સાથે નાની છોકરી અણવર તરીકે આવે છે, અણવરને "હોલી" કહે છે.

બીજા દિવસે સવારે ઉમરા બનાવી છૂટા ફેંકે છે. અને ત્યાંથી અહીં પણ કન્યાને ઘેર જેમ વૃક્ષપુજા કરી હતી તેમ કરવી પડે છે. લાડો-લાડી નવ દિવસ સુધી ભેગા સૂઇ શકતા નથી. (જાતિય સંબંધ બાંધી શકતા નથી.)

છોકરીના ઘેરથી પાંચમા દિવસે લગભગ ૫૦ જેટલા માણસો તેડવા આવે. પાચમા દિવસે કન્યાપક્ષવાળા તેડવા આવતા હોય ત્યારે વરપક્ષ વાળા લાડા સાથે અડધે રસ્તે જઇને કન્યાપક્ષવાળાને રોકીને દારુ પાય છે. પછી બધા સાથે છોકરાને ઘેર આવે ત્યારે કન્યા લોટામાં પાણી લઇને બહાર આવે લોટામાં કન્યાની બેન પૈસા નાખે અને બીજા સગા-સંબંધીઓ પણ લોટામાં પૈસા નાખે છે. ત્યાર બાદ કન્યાપક્ષવાળા મહેમાનોને બકરુ ખવડાવવામાં આવે છે. સાંજે કન્યાને લઇને કન્યાપક્ષવાળા જાય. આ સમયે કન્યાને માથે વરપક્ષવાળા તરફથી એક ભાતનું (ચોખાનું) પોટલું કન્યાના માથે મૂકે અને પોટલુ ઉપાડીને કન્યા ઉભી હોય ત્યારે લાડો પોટલું પકડીને કન્યાને એક વખત ગોળ ફેરવે છે. ત્યાર બાદ જાય.

નવમા દિવસે વરપક્ષવાળા તેડવા જાય લગભગ ૪૦ માણસો હોય લાડો સાથે જાય. આમને પણ અડધે રસ્તે કન્યાપક્ષવાળા દારુ પાય. ત્યાર બાદ છોકરીને તેડીને પાછા આવે છે. ત્યાર બાદ કન્યા સાસરામાં જ રહે છે.



લગ્નમા દહેજની રકમ ૩૦૦ થી માડીને ૬૦૦ રુપીયા સુધીની હોય છે. આ સિવાય વહુને તેમજ છોકરાને ચાદીનો કદોરો અને કાટો કે ગળામા પહેરવાની સાકળી આપે છે.

વિધિસરના લગ્ન ઉપર બતાવ્યા મુજબ થાય છે.

<u>ખધાડિયા લગ્ન:-</u>

આ લગ્નને 'સેવા લગ્ન' કહેવામા આવે છે. આમા કોઇ યુવાનની આર્થિક સ્થિતિ દહેજ ભરી શકે તેવી ન હોય તો તે પાચ વર્ષ માટે છોકરીને ઘેર રહે છે. અને ખેતીનુ કામ કરી દહેજની રકમ વસુલ કરી આપે છે. પાચ વર્ષ પુરા થાય એટલે છોકરો-છોકરી પોતાનુ અલગ ઘર બનાવીને રહે છે.

આ સિવાય તેમનામા સાળીવટુ, દિયરવટુ તેમજ પુનઃલગ્નો થાય છે.

<u>સાળી વટુ:-</u>

અહીંના વસાવાઓ પત્નીના મૃત્યુ બાદ સાળી સાથે લગ્ન કરી શકે છે. તે સિવાય એક પત્ની હોય અને બીજી પત્ની તરીકે સાળીને પણ લાવી શકે છે.

<u>દિયરવટુ:-</u>

દિયરવટુ ભાગ્યે જ થાય છે. દિયરવટાનો તેમના સમાજમા નિષેધ નથી.

પુર્નલગ્ન:-

વિધવા યા વિધુર ફરીથી લગ્ન કરી શકે છે. 'વિધવા'ને તેમના સમાજમાં ઉતરતી ગણવામાં આવતી હોવાથી વિધવા સાથે કોઇ કુંવારા પુરુષનુ લગ્ન થતુ નથી. પણ સામેની વિધુર વ્યકિત હોય તો તે પોતાના ઘરમા બેસાડી શકે છે. વિધવાનુ લગ્ન વિધિસર કરવામાં આવતુ નથી.

છૂટાછેડા:-

વસાવાઓમાં છૂટાછેડા એ મુશ્કેલ પ્રશ્ન નથી. બહુ જ સરળતાથી છૂટાછેડા થાય છે. લગ્ન બાદ બન્નેને મનમેળ ન બેસે, તો બન્ને છૂટા થઇ શકે છે. જો પુરુષ કાઢી મૂકે તો તેને પોતાનુ દહેજ જવા દેવુ પડે અને પત્ની પોતાની જાતે જતી રહે તો તેના બાપ પાસેથી દહેજ લેવામા આવે એટલે છૂટા.

આ સિવાય કોઇ સ્ત્રી કોઇ બીજા પુરુષની સાથે જાતિય સંબંધ બાંધે તો પણ તેને કાઢી મૂકવામા આવે છે. આ બાબતમા તેમનુ જાતિપંચ પોતાના નિયમોનુસાર દંડ લઇને બન્નેને છૂટા કરે છે.

લગ્નો લોહીના સંબંધોઓમાં થઇ શકતા નથી. લગ્ન માટે મામા પક્ષેથી છોકરીને લાવવામા આવે છે. કેટલાકનુ કહેવુ છે કે મામાની છોકરીને નથી લાવતા પણ મામા પક્ષેથી યા મામાના કુટુંબમાથી કન્યાને પ્રથમ પસંદગી આપીએ છીએ. તેઓ સસરાને 'મામા' કહે છે.



મૃત્યુ:-

. મૃત્યુ પામવાની પાછળનુ કારણ દુઃખ માને છે, દુઃખ પડે એટલે માણસ મરી જાય. મૃત્યુ બાદ શુ થાય છે તેની તેઓને ખબર નથી. એટલે કે હિન્દુદર્શનની જેમ આત્માની અમરતા, પુર્નજન્મ, સ્વર્ગ, નર્ક વગેરે બાબતોમા માનતા નથી. અને પૂછતા કહે છે કે અમને ખબર નથી, મરી જાય એટલે અમે બાળી દઇએ

જયારે વ્યકિત બિમાર હોય ત્યારે ગામના લોકો સગા-સંબંધીઓ વગેરે મળવા આવે છે. સ્ત્રી કે પુરુષનુ મૃત્યુ થાય કે તુરત જ ઘરમા રહેલ સ્ત્રી પુરુષો રડે છે. ગામના લોકોને ખબર પડતા પુરુષો મૃત્યુ પામેલાને ઘેર આવે છે. કુટુંબની સ્ત્રીઓ ભેગી થાય છે. કદાચ ઘરની કોઇ વ્યકિત નજિકના ગામે ગઇ હોય તો તેને બોલાવવા મોકલે છે. તેના આવ્યા બાદ જ મૃતદેહને બાળે છે. બાળવાની જગ્યાએ બે-ત્રણ ગાડી ભરીને લાકડા મોકલે છે. ત્યાર બાદ મૃતદેહને ખાટલામા જ રાખે છે. હિન્દુઓની જેમ મૃતદેહને નીચે ઉતારી લીંપણ કરી નીચે મુકી તેની નનામી બનાવી તેમા લઇ જાય તેવી કોઇ વિધિ કરતા નથી. પણ જે ખાટલામા મૃત્યુ થાય તે ખાટલામા તેને રાખે છે. તેમજ નીચે જે ગોદડુ પાથરેલ હોય તે રાખે છે, અને તે સિવાય ઘરમાં મરનારના જે કાંઇ નવા-જુના કપડા હોય તે મૂકે છે (ખાટલામા) સ્ત્રી હોય તો તેની સાડીઓ તેના ઉપર ઓઢાડે છે. પુરુષ હોય તો ધોતીયુ, તેના ઉપર એક નવી રજાઇ ઓઢાડી દેવામા આવે છે. મૃતદેહે પહેરેલ દાગીનામા સોનાના દાગીના સિવાય બીજા કોઇ દાગીના કાઢતા નથી. પહેરેલા જ રહેવા દે છે. તે સિવાય સ્મશાનમા સાથે એક દોરડાના સીકામાં નાની ગાડવી મુકી તેમા દેવતા રાખે છે. સાથે એક કપડામા બાંધીને જુવાર, ચોખા, કાંદા, બટાકા, મરચુ, મીઠુ, હળદર વગેરે સાથે લે છે. તે ઉપરાંત એક કપડામા જુવારને અને મકાઇના ડોડાને બાફી નાખીને

સાથે લે છે, તે ઉપરાંત એક તપેલી, થાળી, વાડકી, લોટો વગેરે સાથે સ્મશાનમાં લઇ જાય છે. તેમજ મરનાર પોતાના કપડા મુકતી હોય તેવી પેટી હોય તે અથવા નાની લાકડાની પેટી હોય કે જેમાં મરનાર કંઇ વસ્તુઓ રાખતુ હોય તો તે પેટી પણ સાથે લેવામા આવે છે, તે ઉપરાંત દારુની શીશી.

ઘેરથી મૃતદેહને સ્મશાને લઇ જવા માટે ખાટલાના ચાર પાયા ચાર પુરુષો પકડીને ચાલે છે. તેમજ સૌથી આગળ નાના ત્રાસા જેવુ વાજિંત્ર વગાડતો એક માણસ ચાલે તેની પાછળ એક થાળી વગાડનાર ચાલે, ત્યારે ઘરની અને નજિકના સગાની સ્ત્રીઓ રડતી રડતી ચાલે છે. ખુબ નજીકની સ્ત્રીઓ તો ખાટલાની ખુબ નજીક રડતી રડતી ચાલે છે. ગામની હદ પુરી થાય એટલે ખાટલાને ત્યા ઉતારી સાથે આવેલ સ્ત્રીઓ ખાખરાના ઝાડના પાન લઇ દારુની ધાર ચાર પાયે દે છે. દરેક સ્ત્રી પાનામા દારુ લઇને ખાટલાની આસપાસ ધાર દે છે અને સાથે લાવેલ ચપટી ચોખા કે જુવાર ખાટલામાં નાખે છે. ત્યાર બાદ મૃતદેહના ખાટલાને ઉપાડી પુરુષો ચાલે છે, અને સ્ત્રીઓ ત્યા જ રડતી ઉભી રહે છે. દુર ગયા બાદ સ્ત્રીઓ રડતી રડતી પાછી ઘેર જાય છે. પુરુષો મૃતદેહને લઇને સ્મશાનમા આવે છે. અહીં આવનાર દરેક પુરુષ પોતાના માથે કપડુ બાધે છે. ખુલ્લા માથે કોઇ આવતુ નથી. તેમજ કેટલાક સાથે ચપટી ચોખા પણ લાવે છે. સ્મશાનમા ગયા બાદ ખાટલાને એક જગ્યાએ ઉતારવામા આવે છે. અને થોડાક પુરુષો આજુબાજુ જઇને ચોખાની નાની નાની ઢગલીઓ દુર બેસીને કરી આવે છે. ત્યાર બાદ ચિન્તા ખડકવાની હોય તે જગાએ દારુની ધાર દે છે. અને ચિન્તા ખડકવામાં આવે છે. આ વખતે ત્રાસું અને થાળી વગાડનાર તો વગાડે જ જાય છે. જયા સુધી મૃતદેહને આગ ચાપવામાં આવે ત્યા સુધી વગાડયા કરે છે. ત્યાર બાદ લાકડા ગોઠવે છે. લાકડા લગભગ ચારેક ફુટ ગોઠવ્યા બાદ ગોઠવવાનુ બધ કરે છે. પછી બે જણ ખાટલાને નીચા હાથે પકડે છે. અને સૌ પહેલા ઢોલ વગાડનાર



પછી થાળી વગાડનાર તેની પાછળ એક કુહાડી ખભા પર મુકીને નાચનાર હોય છે. તેની પાછળ મરનારનો પુત્ર, સાથે જુવાર મકાઇ, કાંદા, બટાટાવાળુ પોટલુ માથે ઉપાડી લે છે. તેની પાછળ ખાટલો પકડ વાવાળા આ બધા ખડકેલ ચીન્તાની ચાર બાજુ પાચ આંટા ફરે છે. પાચ આંટા ફર્યા બાદ ખાટલાનો ચિન્તા ઉપર ગોઠવી દે છે. (લાકડામા બરોબર ગોઠવી દે છે કે જેથી ખાટલાના પાયા લાકડામા નીચે ઉતરી જાય અને ખાટલાની સપાટી સપાટી ચિન્તાની સપાટી સાથે અટકી જાય, માથુ ઉત્તરમા અને પગ દક્ષિણમા રાખે છે. ત્યાર બાદ એક લોટામા પાણી લાવે છે. અને તે પાણી ભરેલ લોટો જમીન પર માથા બાજુ મુકે છે. પછી તેમા બે કે પાચ પૈસા પાણીવાળા કરી મરનારના ખાટલામા તેના માથા પાસે ગોદડીમા મુકી દે છે. ત્યાર બાદ તે પૈસા 'હરવાણીયો' લઇ લે. તે પછી પાચ-છ જણા પાનમા દારુ લઇને મૃતદેહના માથા આગળજમીન ઉપર દારુની ધાર દે છે. અને ત્યા જુવાર, તેમજ સાથે લાવેલ અનાજ છોડી નાખે છે. તે પછી બાફેલ અનાજને પાચ જણા વારાફરતી મૃતદેહના માથાની બને બાજુ ખાટલામા મુકી દે છે. આ મુકનાર પુરુષને પાછળથી ચારપાચ જણ હાથ અડકાડી રાખે છે. તેમજ બને બાજુ મકાઇના બાફેલા ડોડા પણ મુકવામા આવે છે. ત્યાર બાદ અનાજ લાવ્યા હોય તે, કપડા તેમજ મરનારના કપડા હોય તે બધા ખાટલામા નાખી દે છે. ખાટલામા કપડા મુકયા હોય તેમાથી એક કપડામાથી બે નાના કકડા ફાડીને નાખી દે છે. ત્યાર બાદ ફરીથી લાકડા ગોઠવે છે. ખાટલા પર બેત્રણ ફુટ ઉચા મોટા મોટા લાકડા ગોઠવે છે. જયારે બધા લાકડા ગોઠવી દે છે ત્યારે ચિન્તામા મુકેલ ખાટલો દેખાતો નથી. પછી આ ચિન્તામા સાથે લાવેલ પેટી પણ મુકી દેવામા આવે છે. આ લાકડા મુકી રહયા બાદ પાચ દસ જણા ચારે બાજુથી નાના નાના લાકડા બે ત્રણ હાથમા પકડી હાથ માથા ઉપર મુકીને લાવે છે. બાદ ચિન્તામા તપેલી, થાળી, લોટો વગેરે મુકી દેવામા આવે છે. પછી બે જણા બે બાજુ ઉભા રહી બે કુહાડા

ફેરવે છે. એકબીજાને અડકયા સિવાય. એટલે એક જણ કુહાડા નાખે તે બીજો જણ લઇને તે કુહાડાથી લાકડા ઉપર બીમેથી મારે પછી તે બીજાને આપે તે પણ લાકડા ઉપર બે કુહાડા મારે. આમ ત્રણ વખત કુહાડા ચિત્તાની ચારે બાજુ ફેરવે છે. પછી પુર્વ અને પશ્ચિમ દિશાથી નીચેથી આગ લગાડવામા આવે છે. આગ સળગાવ્યા બાદ બધા નદીએ નહાવા જાય છે. જયારે સ્ત્રીઓ ઘેર જઇને કપડા લઇ આવી એક હારમા ચાલતી ચાલતી એકની પાછળ બીજી હોય તે પાછલી સ્ત્રી આગલી સ્ત્રીનો સાડલાનો છેડો હાથમા રાખે. આમ દરેક આગળની સ્ત્રીઓ છેડો હાથમા રાખી હારબંધ નહાવા માટે જાય. નદીએ સ્ત્રી અને પુરુષો જુદી જુદી જગ્યાએ નહાય છે. નહાયા પછી પુરુષો દારુ પી પાછા આવે છે.

બીજા દિવસે સવારે મરનારને ઘેરથી દસબાર જણ સ્મશાનમા જાય છે, અને ત્યા જઇ બે રોટલી, ઇંડુ અને દારુ મુકી આવે છે.

મૃત્યુ થાયતે રાત્રે મરનારના ઘેર એક જગ્યાએ લોટ પાથરી દેવામા આવે છે. બીજે દિવસે સવારે તે લોટ જોઇ નકકી કરે છે કે મરનારનો જન્મ કઇ યોનિમા થયો છે. કારણ કે જે યોનિમા જન્મ થાય તેના પગલા લોટમા પડે છે.

બે ત્રણ દિવસે માથાના વાળ ઉતરાવે છે. કુટુંબના માણસો મરનારની પાછળ ચાર-પાચ દિવસ શોક પાળે છે. તેની પાછળ બારમાની વિધિ જયારે પૈસા મળે ત્યારે કરે છે. નાનુ બાળક મરી જાય તો તેની પાછળ બારમા જેવું કાઇ કરતા નથી. એકબે દિવસ તેનો શોક રાખે છે.

જો કોઇ વ્યકિતનું મૃત્યુ અકસ્માતથી થાય તો તે મરનાર વ્યકિતની પાછળ લાકડાની અંદર કોતરેલ એક ત્રણ-ચાર હાથનો થાભલો એક જગ્યાએ ઉભો કરે છે. તે સમયે તેને દારુની ધાર દઇને તેની આગળ મરઘુ કે બતકુ ચોતરે છે. તેને 'ખતરા'



કહેવામા આવે છે.

સગાઇ-સંબં: -
-----------

માહનાના વસાવાઓમા ત્રણ પ્રકારના સગાઇ-સંબંધો જોવા મળે છે.

(૧) લોહીના સંબંધો:- લોહીથી જે સંબંધો થાય છે તે, પિતા, માતા, પુત્ર, પુત્રી, ભાઇ, બેન, કાકા, ફોઇ વગેરે.

(૨) લગ્ન કરવાથી થતા સગાઇ સંબંધો:- પતિ-પત્ની, સસરા-સાસુ, દિયર, નણંદ, સાળી, ભાભી, કાકી, માસી, મામી, ફુવા વગેરે. મોટી બેનના પતિને 'દાદા' કહે છે. કોઇ પૂછે કે તારે શુ થાય ત્યારે મેઉન કહે છે. નાની બેનના પતિને જમાઇ કહે છે.

(૩) ગામમા રહેવાથી સ્થાનિક સંબંધો:- આમા એકબીજાનેઘેર પ્રસંગ હોય તો જાય, ચાલ્લા કરે, ગામના એક જાતિના લોકો કુટુંબ માફક રહે છે. અને તેથી ઘણા સંબંધો માલુમ પડે છે. કાકા, મામા, દાદા, દાદી વગેરે.

તે સિવાય કેટલાક સગાઇસંબંધો એ પ્રકારના જોવા મળે છે કે જે ચોકકસ શબ્દો અમુક વ્યકિતઓને માટે જ વપરાય. જેમકે 'થઇ' (સ્ત્રી) પોતાની સ્ત્રીને જ 'થઇ' કહી શકાય. 'ધણિ' પોતાના પતિને જ કહી શકાય. 'બાહ' પિતાને 'મા' પોતાની બાને કહે છે. ચોકકસ શબ્દો છે તેવા સામાન્ય શબ્દો પણ છે જે એક કરતા વધારે વ્યકિતઓને લાગુ પડે, જેમ બેન, ભાઇ, દાદા વગેરે.

----------

માધ્યમિક સબંધ:-

પતિ કે પત્ની એકબીજાને સીધો રીતે નામ લઇને ન બોલાવતા વચ્ચે છોકરા કે છોકરીનુ માધ્યમ રાખીને બોલાવે છે.

ભાષા:-

તેમની ભાષા 'વસાવી' ભાષા છે, વસાવી ભાષામાં મરાઠીની અસર વરતાઇ આવે છે. તેમની ભાષાના થોડાક શબ્દો નીચે પ્રમાણે જાણવા મળ્યા છે.

| | | |
|---|---|---|
| હાકવા | - | ઈંડા |
| આસવી | -- | માછલા પકડવાની જાળ |
| મોલગા | - | નાની માછલી |
| ટોચવુ | - | છુંદણા છુંદાવવા |
| બુજલો | - | સ્તન |
| બુજલોખાપ | - | દૂધ પીતો |
| હવાકી | - | દાયણ |
| ઉખુ | - | ખાંડણીયો |
| મુલા | - | મુસળ |
| કોનગી | - | કોઠી |
| કોનડોલ | - | ફાનસ |
| મોહડી | - | ભેંસ |
| ચાપલા | - | ચંપલ |



| | | |
|---|---|---|
| ખાડા | - | ખાસડા |
| થઇ | - | સ્ત્રી |
| માડો | - | રોટલો |
| બોરો | - | નાવ |
| પોછલી | - | મરઘી |
| પોછવી | - | થેલી |
| પોલડું | - | બકરીનુ બચ્ચુ |
| કુન્સી | - | પાણીયારુ |
| કુરસોયા | - | (મરકા કાનમાં પહેરવા) |
| ફાલીયા | - | ધોતીયુ |
| કમ્મીસ | - | ખમીસ |
| ગાવડી | - | ગાય |
| અગલી | - | આગળી |
| અડંડો | - | અંગુઠો |
| સુરગો | - | કોણી |
| મુનકો | - | માથુ |
| કેહ | - | કેશ (વાળ) |
| દોળડોળીયા | - | પાપણ |
| પોપડીયા | - | ભમર (આખની ઉપરની) |
| ડોલા | - | આખ |
| નાખ | - | નાક |

| | | |
|---|---|---|
| દાત | - | દાત |
| સોબડીયા | - | હોઠ |
| ગીલુ | - | ગળુ |
| દેઠ | - | પેટ |
| ભેપ | - | ડુટી (અથવા નાળ) |
| નોલીયા | - | પગના નળા |
| પગાપાટલીયા | - | નીચેનો સપાટ પગ |
| કુબીર | - | કમ્મર |
| નખ | - | નખ |
| મુન્ડી | - | વીટી |
| બોડાલા | - | કડા |
| ડુસ્લી | - | બેડી |
| ખેનડુરી | - | ખેતી કરવી |

જાતિ પંચ:-

મોહિની ગામમા વસાવા જાતિનુ ગામપંચ છે. જેમા ગામનો મુખી અને વડીલો ગામમા સુસવાદિતા ટકે અને સંગઠીત રહી કાર્ય થતુ રહે તેમ દેખભાળ કરે છે. ગામમા ઝઘડો હોય તો વડીલો અને મુખી ફેંસલો આપે છે. અથવા ગામનો કોઇ પણ પ્રશ્ન હોય તો ગામમા તેનો નિકાલ કરી દેવામા આવે છે. આ ગામમા આ લોકો 'જાતિયસંબંધ' પર ખુબ જ નિયંત્રણ મુકે છે. જો ગામમા કોઇ વ્યકિત અનૈતિક રીતે જાતિયસંબંધ બાધતા પકડાઇ જાય તો તેને બરાબર માર . મારવામા આવે છે. અને તેનો ૧૧૦ રુપીયા



દંડ કરવામાં આવે છે. કુવારા છોકરા-છોકરીઓ પણ આ નિયંત્રણથી ડરે છે. હોળી ઉપર આવો જ એક પ્રસંગ બન્યો હતો કે જેમાં ગામના એક સ્ત્રીએ બીજા પુરુષ સાથે રાત્રે જાતિય સંબંધ બાંધ્યો જેની જાણ થતાપુરુષને ખુબ માર મારેલ અને સ્ત્રીને પણ મારી હતી. પુરુષનો એકસો દસ રુપીયા દંડ કરેલ હતો. આ રીતે ગામપંચ વ્યવસ્થિત રીતે ન્યાય કરી ગામમા અરાજકતા રોકે છે.

જાતિય સંબંધ:-

મોહિની ગામમા વસાવા જાતિમા જાતિય સંબંધ ઉપર નિયંત્રણ છે. છતા ખાનગીમા કુવારા છોકરા-છોકરીઓ જાતિય સંબંધ રાખે છે. પરણિત સ્ત્રી બીજા કોઇ પુરુષ સાથે જાતિય સંબંધ ન રાખી શકે. રાખે અને ખબર પડે તો તેને કાઢી મુકવામાં આવે છે. તેમજ માર પણ પડે. છતા ખાનગીમા આ જાતિય સંબધો ચાલે છે.

અહીં છોકરાઓ કરતા છોકરીઓ પ્રેમની શરુઆત કરે છે. એટલે કે છોકરાઓ બહુ ગભરાય છે. માર અને દંડના કારણે. એટલે જો કદાય તેઓ કોઇછોકરીની મશ્કરી કરે અને છોકરીની ઇચ્છા ન હોય તો માર ખાવો પડે. એટલે અહીં જે છોકરીને જે છોકરો ગમતો હોય તેની સાથે પ્રથમ હસે છે. વારંવાર ચેનચાળી કરે છે. પછી તે છોકરો એને પાન ખવરાવે. કે પૈસા આપે પછી જાતિય સંબંધ બાંધે છે. અહીં પ્રેમ નહીં પણ માત્ર જાતિય વાસના સંતોષવા પ્રેમ રાખે છે. અહીં સ્ત્રી-પુરુષોની મિત્રતા હોતી નથી. અહીં તો પ્રેમ એટલે ઇચ્છાઓને સંતોષવી. એમ માને છે. છુપી રીતે આ પ્રેમ હોવાથી બન્ને તેને બહાર પ્રગટ કરતા નથી. પણ જો આ લોકો પકડાઇ જાય તો મારે અને છોકરાની ઇચ્છા હોય તો તે છોકરીને તેના ઘરમાં બેસાડી દે છે. અને ના પાડે (છોકરો) તો તેનો દંડ થાય છે.

અહીંના સમાજમા નિયન્ત્રણ દેખાય છે. છતા ખાનગીમા જાતિય સબધો બધાય છે.

હાટ:-

મોહિનીથી ૧૧ માઇલ દૂર આવેલ મહારાષ્ટ્રમા નવાપુરમા હાટ ભરાય છે. દર શનિવારે લોકો અહીંથી હાટમા જાય છે. તેમા કેટલાક ગાડુ લઇને તો કેટલાક ચાલતા પણ નવાપુર જાય છે. અહીંના વસાવાઓના સામાજિક સંબંધ મહારાષ્ટ્રના ગામોમા પણ થાય છે. આથી એમના માટે સરહદ જેવો કોઇ પ્રશ્ન નથી. તેઓ શનિવારે જોઇતી વસ્તુઓ લેવા જાય છે અને સાંજે પાછા આવતા રહે.

હાટમા વાસણો, જીવન જરુરીયાતની વસ્તુઓ, મણકા, ચુનાના પથ્થરના શીરા, માછલીઓ, કપડા, નકલી ઘરેણા, તેમજ નવાપુરનુ મોટું બજાર હોવાથી અહીંથી બધી જ ચીજવસ્તુઓ મળી રહે છે. ગામમા દુકાન હોવાથી ખાસ કરીને મોટા ભાગના લોકો ગામમાથી ખરીદી કરે છે. પણ શનિવારે ફરવા માટે પણ કેટલાક હાટમા જાય છે. આ હાટમા એકબીજાને મળે, તેમજ છોકરા-છોકરીઓ પણ એકબીજાને જોઇ લગ્નની પસંદગી થતી હોય છે.

ધાર્મિક જીવન:-

ધાર્મિક તહેવારોમાં દશેરા, દિવાળી, હોળી અને અખાત્રીજ કરે છે. તહેવારોમા મહત્ત્વનો તહેવાર હોળીનો હોય છે. તહેવારો કેમ ઉજવાય છે કે તહેવારો ઉજવવાનુ કારણ શુ? કે પછી આ તહેવારોનુ મહત્વ શુ ? તો તેનો જવાબ ભાગ્યે જ મળે છે. એ કહે છે કે પહેલા ઉજવતા એટલે અમે પણ ઉજવીએ છીએ. પણ તે ઉજવવા પાછળનુ તે તહેવારનુ મહત્વ તેઓ જાણતા નથી. પરંપરાગત રીતે તેઓ તહેવારો ઉજવે છે. ધાર્મિક તહેવારો અને પુજાપાઠ કે દેવ-દેવીઓની માનતા-બાધાઓ સમયે જે સંગઠીત કરીને



કરે છે. તેથી તેમના સામાજિક જીવનમાં વારવાર એકબીજા નજીક આવતા હોવાથી તેમનુ સંગઠન મજબુત બને છે.

ઉજવાતા તહેવારો:-

દશેરા:-

દશેરાના દિવસે ગામના બધા માણસો હનુમાનને ફુલની માળા ચડાવે છે. તેમજ કેટલાક હનુમાન ઉપર દૂધ ચડાવે છે. અગરબત્તી, નાળિયેર તેમજ ગામના દરેક ઘેર ફુલની માળાઓ બારણા આગળ બાધવામા આવે છે.

દશેરાના તહેવારને દિવસે ઉપર પ્રમાણેની ઉજવણી બીજા વિસ્તારોમા જોવા મળતી નથી. અહી મળે છે તે પણ આપણને પ્રથમ નજરે શંકા ઉત્પન્ન કરે તેવી છે કે હનુમાન એ આદિવાસીઓના દેવ નથી. તો તે હિંદુઓની અસર નીચે આવી આ રીતે પૂજા કરતા હોય તોય તેની પુજા વિધિમા ફરક પડી જાય છે. કારણ કે હિન્દુઓ દશેરાના દિવસે હનુમાનની પુજા કરી તહેવાર ઉજવતા નથી કે હનુમાનને દૂધ નહી પણ તેલ ચડાવે છે. એટલે આપણે અનુમાન કરી શકીએ કે કદાચ અહીંના વસાવાઓ દશેરાના દિવસે પાડા જેવા પશુની બલી એમના બીજા કોઇ દેવને ચડાવતા હશે. અને એમ બીજા સમાજ પાસેથી જાણ્યુ કે પાડાનું માસ ખાવુ તે તેઓ હલકાઇ માને છે. આથી કદાચ પોતાના તહેવારનુ આવી રીતે રૂપાંતર કર્યું. કે જેમા હિન્દુનો દેવને અપનાવવા જતા તેની પુજા વિધિ હિન્દુ પ્રમાણ કરતા અલગ પડી ગઇ હોય અથવા તો હનુમાનની જગ્યાએ બીજા દેવની પુજા કરતા હોય અને નામ હનુમાનનુ આપ્યુ હોય. (એ પણ જાણવા મળેલ કે આ લોકો પહેલા પાડાનું માંસ ખાતા હવે ખાતા નથી.)

દિવાળી:-

દિવાળીને દિવસે ગામની બહાર રહેલ દિવાળીના દેવની માતા દર દિવાળીએ કરવા આખા ગામના પુરુષો જાય છે. ત્યાં જઇને મરઘુ કે બકરુ વધેરી, તથા દારુની ધાર દેવામા આવે છે. અને ત્યા જ બકરુ તેમજ ચોખા રાધે છે. અને બધા પુરુષો ત્યા પ્રસાદી લે છે. એક જ બાટલામાંથી બધાને થોડો થોડો દારુ આપવામાં આવે છે.

દિવાળીને દિવસે મોહીની ગામના બધા માણસો પોતાના તરફથી ગાનારાઓને બોલાવે છે. આ ગાનારાઓ વેશ પહેરીને આખી રાત ગાય, નાચે છે. આખુ ગામ ચોગાનમા જોવા જાય છે. આ ગાનારાઓને 'સુંગાડીયા' કહેવામા આવે છે. તે દર વર્ષે આવે છે. અને તેમજ દર વર્ષે ગામના લોકો પાસેથી ઉઘરાવીને ગામવાળા પૈસા આપે છે. આ સાલ પણ રુ. ૧૧૦/- આપ્યા હતા. આ લોકો વસાવી ભાષામા ગીતો ગાય છે. તે સિવાય સિનેમાના ગાયનો પણ ગાય છે. જેની નકલ અત્યારે પણ ગામના નાના છોકરાઓ કરી ગાય છે, જેમકે:-

'બરેલીકે બજારમે, ઝુમખા ગીરા રે'

વધારે તો નહીં પણ એકાદ લાઇન વારંવાર ગાય છે.

ગાભ:-

હોળી પહેલા પદર દિવસે આ તહેવાર ગામમા ઉજવાય છે. આ દિવસે ગામના લોકો દરેક પોતપોતાના ઘેર મરઘુ કાપે છે, અને દારુ પીવે છે.



હોળી:-

હોળીના તહેવારનું મહત્વ તેમના સમાજમાં બીજા તહેવારોની સરખામણીએ વધારે છે. કારણકે હોળી પહેલા ૧૫ દિવસથી ગામમા એક જગ્યાએ ઢોલ વગાડે અને દરરોજ સાજે ગામના સ્ત્રી-પુરુષો ગાય છે. અહીં ઘણુ કરીને સ્ત્રી-પુરુષો જુદા જુદા ગાય છે. સાથે તો કોઇક વખત જ નાચવામાં આવે છે. હોળીના દિવસે, આખો દિવસ ગામના લોકો ભેગા થઇને નાચે છે. અને સાજે હોળી સળગાવે છે. આ હોળીમાં છોકરા-છોકરીઓ દરેક ઘેરથી ફાગ ઉઘરાવે છે. તેના ભેગા થયેલ પૈસામાથી હોળી બાદ ૧૦ દિવસે તેના ધાણી-ચણા લાવી દરેક ઘેર આપે છે. હોળી બાદ પણ નાચે છે. હોળીના પાચમા દિવસે ઘેરૈયા બનીને નાચે છે અને આ ઘેરૈયા નૃત્ય કરે છે. જુદા જુદા વેશ ધારણ કરી નાચે છે. કેટલાક સ્ત્રીના કપડા પહેરી નાચે છે. તો કેટલાક મોને જુદા જુદા રંગોથી રંગીને નાચે છે. તેમજ -દરેક ઘેરથી અનાજઅને પૈસા ઉઘરાવે છે. પૈસામાથી બકરુ અને દારુ લાવી ગામલોકો મિજબાની કરે છે. અને પાચમા દિવસે ફરીથી રાત્રે હોળી સળગાવી નાચે છે. તે પછી પણ રાત્રે ઢોલ વગાડી છોકરાઓ નાચે છે. અને છોકરીઓ બીજી જગ્યાએ બેસીને ગીતો ગાય છે.

તહેવારો ઉજવવા ઉપરાંત અહીંના વસાવાઓ અનેક દેવ-દેવીઓની પુજા વિધિ તેમજ બકરા કે મરઘાના બલિદાનો આપે છે. અને તેમના દેવો અને દેવીઓની પુજા વિધિઓ ગામના લોકો ભેગા મળીને કરે છે. એમાં બડવાનું સ્થાન અગત્યનુ છે. તે બધી ધાર્મિક વિધિ કરાવે છે.

નદરવાની પુજા

ચોમાસામા વરસાદ આવ્યા પહેલા તેની પુજા કરવામા આવે છે. ગામની બહાર નદરવા દેવના સ્થાનકે લોકો જાય છે. અને દેવ આગળ મરઘુ વધેરે છે. અને ઇંડુ મુકે છે.

દારુની ધાર દેવામા આવે છે. આ મરઘુ અને ઇંડુ પુજા કરનાર લઇ લે છે.

ચોમાસામા વરસાદ માટે આ દેવની પુજા કરવામા આવે છે.

વાઘદેવ:-

દેવના સ્થાનકે જઇને મરઘુ વધેરી દૂધ રેડે છે. અને પછી દારુની ધાર દે છે. આ તહેવાર બળેવ પર ઉજવવામા આવે છે.

આ સિવાય ખેતીની શરુઆત કરે ત્યારે પ્રથમ દિવસે હળ જોડતી વખતે નાળિયેર ફોડે છે. અને દારુનો ધાર દે છે. આ તહેવાર આખા ગામના લોકો ઉજવે છે.

જુવાર પાકયા પછી દેવની પુજા કરે છે. અને મરઘુ વધેરે કે દારુ ચડાવે છે.

ધર્મમા ખૂબ જ વિશ્વાસ હોવાથી તેઓ કોઇ પણ જાતનુ દુઃખ આવે કે મુશ્કેલી આવે તો તરત 'બડવા' પાસે દોડી જાય છે. અને દુઃખમાથી મુકત થવા મરઘુ કે બકરુ વધેરવાની માન્તાઓ બડવો આપે છે. બડવો દાણા જોઇ કહે છે અને તેની પાછળ વિધિ કરવાની હોય તે પોતે ધુણીને કરે છે.

ભગતી બેસાડવી:-

જયારે ઘરમા કોઇ બિમાર પડી જાય ત્યારે 'ભગતી' બેસાડવામા આવે છે. આમા ભગતને બોલાવે છે. ભગત (બડવો) આવી બિમારની ઉપર મોરના પીછાવાળી પીંછી ફેરવે છે. અને ધુણે છે. દાણા જોવે છે તેમજ બિમારી કેમ આવી, કયાથી આવી, કયા દેવનો કોપ છે વગેરે દાણા જોઇને કહે છે. ત્યાર બાદ પાટલી મુકી ચિત્ર દોરે છે. અને બિમાર હોય તેના નામનુ પુતળુ બનાવી ભકતાઇ કરીને ભગત પુતળુ અને દૂધ લઇને નદીએ



નાખી આવે છે. નાખતી વખતે દારુની ધારદેવામા આવે છે. અને મરઘુ વધેરવામા આવે છે. ભગતને બે રુપીયા આપે છે.

ધાર્મિક ક્ષેત્રે ભગતનુ સ્થાન મહત્વનુ છે. તે એક સામાજિક ડોકટર તરીકેનું કામ કરે છે. તેમજ ધાર્મિક વિધિઓમા અગત્યનુ સ્થાન ભોગવી બધી વિધિઓ કરાવે છે. આ સિવાય વસાવાઓમા ખતરો, ભુત, તેમજ ડાકણમા માને છે. તેઓ કોઇ જીવતી સ્ત્રીને 'ડાકણ' માને છે. કે તેની નજર ખરાબ હોય છે, તેમજ મન્ત્ર-તન્ત્ર જાણતી હોવાથી ગમે તે વ્યકિતને મારી નાખે છે. આથી લોકો ડાકણથી ખૂબ ડરે છે. 'ડાકણ' કોણ છે, તેની ખબર નથી. પણ કંઇક અશુભ થાય કે કોઇક બિમાર પડે તો માને કે ડાકણ વળગી હશે, જો તેમને ખબર પડે કે અમુક સ્ત્રી ડાકણ છે તો તેને મારી નાખે છે.

નિષ્કર્ષ :-

અહીંના વસાવાઓ ઉપર મહારાષ્ટ્રની અસર ગુજરાત કરતા વધુ પ્રમાણમા જણાય છે. કારણકે તેમના પહેરવેશ અને બોલીમા મહારાષ્ટ્રીયના દેખાઇ આવે છે.

તેઓ બધી વિધિઓ તેમજ તહેવારો પરંપરાગત રીતે ઉજવે છે. દરેક સમાજ પરિવર્તન શીલ હોવાથી પરિવર્તન તો થાય માત્ર તેની માત્રાનો સવાલ હોય છે. પરંપરાગત સમાજ હોવાથી પરિવર્તનની ગતિ ધીમી હોવાથી જલદી ખ્યાલ આવતો નથી. પણ સુક્ષ્મ રીતે જરુર બદલાતો દિશામા હોય છે. હમેશા ઉપરના સમાજની તરફ ગતિ કરે છે. જેમકે વસાવાઓની પેટા જાતિ તરીકે રહેલ 'ગાવીત' હવે પોતાને ગામીત ઓળખાવવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમા 'ગામીત' અને 'ગાવીત' બન્ને જુદા છે. તે સિવાય બહારના સમાજના વધારે સંપર્કમા આવવાથી સંસ્કૃતિકરણ તો થાય તે સ્વાભાવિક છે. જેમકે કેટલાક ઘડિયાળ

બુટ વગેરેનો ઉપયોગ કરે છે. ગામના પટેલનુ ખાતુ પણ બેન્કમા છે. તે સિવાય પ્લાસ્ટીકની બંગડીઓ, ઓપટ્ટી, બોડિસ, કપાળમા ચાદલો તેમજ બનાવટી કાચ અને ગળાના ઘરેણા વગેરેનો ઉપયોગ કેટલીક સ્ત્રીઓ અને છોકરીઓ કરે છે.

તેમના સમાજમાં દારુનુ મહત્વ વધારે છે. તેમના દરેક સામાજિક રિવાજ અને ધાર્મિક તહેવારોમા દારુનો ઉપયોગ છુટથી કરે છે. તેમજ કેટલાક દરરોજ દારુ પીવે છે. અને કામમા રજા હોય ત્યારે તો લગભગ ગામના બધાય દારુ પીને મસ્તીમા રહે છે. ગામમા કેટલાય દારુ પીને ફરતા હોય છે. પણ આ દારુ પીધેલ તોફાન કરતા નથી. માત્ર બકતા ફરે છે. તહેવારોમા સ્ત્રીઓ બાળકો પણદારુ પીએ છે. તેનુ કારણ એ છે કે મહુડા વીણી લાવી હાથે દારુ બનાવે છે.

અત્યારે જગલની કાપણીઓ થતી હોવાથી તેમજ એની તેમજ બીજા રાહતકાર્યો ચાલતા હોવાથી સુખી લાગે છે. તેમજ જગલ હોવાથી જગલની પેદાશો વધારે લાવે છે. પણ જો હવે તેમની ખેતીને સુધારવામાં નહી આવે કે ખેતીને સારી રીતે કરવામાં નહી આવે તો માત્ર પાચ વર્ષમા તેમની આર્થિક સ્થિતિ અત્યારે છે તેના કરતા ઘણી ખરાબ થઇજશે. કારણકે તેમનુ લક્ષ્ય ખેતી કરતા જગલમજૂરી અને બીજી મજૂરી તેમજ જગલની પેદાશ તરફ વધારે છે. પણ હવે ઉકાઇના ડૂબમાં ૮ ગામોને વસાવવાના હોવાથી જગલો કપાવવા માડયા છે. આ જ વિસ્તારમા લોકોની ગીચતા વધી છે. એટલે મજૂરી વગેરે કામોમા મજૂરોની સખ્યા વધતા પણ પ્રશ્નો ઉભા થશે. તેમજ નવીન વસાહત વાળાને માત્ર ૪ એકર જમીન આપવામા આવે છે. આથી હવે પછી પ્રશ્ન વિકટ બને માટે ભવિષ્યમા આવનાર પ્રશ્નોને દૃષ્ટિ સમક્ષ રાખીને વિકાસના કાર્યો કરવામા આવે તો જ તેમની આર્થિક સ્થિતિ સુધરે. નહિતર આજે પચમહાલના પૂર્વગાળા જેવી સ્થિતિ થવાનો ભય છે. કહી શકાય



કે ત્યા પહેલા ગીચ જગલ હતુ. આજે બાળવાના લાકડાની પણ મુશ્કેલી છે. તેમજ જગલો સાફ થતી જમીનો બિલકુલ ઉજ્જડ જેવી લાગે છે. તે જમીનોને જગલ ખાતાવાળા ખેડવા આપતા નથી અને ખેતી બરાબર થતી નથી. પાણીની સગવડ ન હોવાને કારણે આ લોકો ગુજરાતમાં ઘરની જમીન મુકીને મજૂરી કરવા ફરે છે.

## વસાવી ભાષામાં ગીતો

### છોકરાઓ નાચતી વખતે ગાય છે

"આલી ગોવારી તલાવીમા હુરોઘાલો (દારુ)
હુંરો પીધોને સાકલી પડીગી
આલાસો પાડા ગુદીયા જોડીમદોબો,
હાથામ બેડીયા પડયા, જેલમા ભોકા પડયા
પાછુ વરહાં જેલમાં ભોહો પડયા"

===

હલદી ચોળતા સ્ત્રીઓ ગાય છે:

"આવા આવા રોડહો, જાન ભેડી લાવા,
આવા આવા રોડહો હલદી બદલી લાવા"

===

રોડાવતા રોડીલા, મોલાવેતા મોલાલા"

===

દિવાળી ઉપર સુંગાડીયા (નાચવાવાળા) ને બોલાવે છે, તે ગાય તેમજ મોટા છોકરાઓ નાચી અને તે વખતે ગાય છે.

"આજ માન મેલગી નવે સિવાય
રાણીવા હેઠો હુસોન રાત જાહે
આજ માન મેલગી નવે સિવાય
રાણીવા મુનકે જુલફા બાલ
નાકુમા કાંટો, કાનુમા બાલીયા
વાય હાની
આજ માના મેલગી સિવાય."

**શિક્ષણ:**

૧૯૫૧ના સેન્સસ પ્રમાણે સુરત જિલ્લામાં શિક્ષણનુ પ્રમાણ ૨૯.૧ ટકા હતુ જેમા પુરુષોનું શિક્ષણ ૩૯ ટકા અને સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ૧૯.૧ ટકા હતુ. ત્યારબાદ ૧૯૬૧ ના સેન્સસ પ્રમાણે જિલ્લામા શિક્ષણનુ પ્રમાણ ૨૯.૧ ટકાથી વધીને ૩૪.૩૫ ટકા થયુ. જેમાં પુરુષોમા આ પ્રમાણ ૪૪.૩૬ ટકા અને સ્ત્રીઓમા આ પ્રમાણ ૨૪.૨૬ ટકાનુ છે. આ દસકા દરમિયાન પુરુષ અને સ્ત્રી શિક્ષણના પ્રમાણમા થયેલ વધારો સમાન છે.

જિલ્લાની સરખામણીએ તાલુકામા શિક્ષણનુ પ્રમાણ ખુબ જ ઓછુ છે. લખી વાંચી શકે એવી અને શિક્ષિત વસ્તીનુ પ્રમાણ ૧૯૬૧મા માત્ર ૭.૭૧ ટકા હતું. જિલ્લાના ૩૪.૩૫ ટકા પ્રમાણની સામે આ પ્રમાણ ખુબ જ ઓછુ કહેવાય. આનુ મુખ્ય કારણ ગરીબાઇ, શિક્ષણની સગવડોનો અભાવ, શિક્ષણથી થતા ફાયદાની જાણકારીનો અભાવ, ઓછી જાગૃત્તિ



વગેરે ગણાવી શકાય. તાલુકામાં સ્ત્રીઓમા શિક્ષણનુ પ્રમાણ માત્ર ૧.૮૧ ટકાનુ જ હતુ. સમગ્ર જિલ્લાની દૃષ્ટિએ તપાસીએ તો પણ જણાશે કે શિક્ષણનું સૌથી ઓછુ પ્રમાણ ઉચ્છલ તાલુકામાં રહેવા પામ્યુ છે.

આ તાલુકામા શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવા છતા કેટલાક કારણો ઉપર જોયા તેમા મહત્વાનુ કારણ તો આદિવાસી વસતિનુ પ્રમાણ તાલુકામા વધારે છે. અને આદિવાસી વસ્તીમા શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે. તેથી તાલુકામા શિક્ષણનુ પ્રમાણ ઓછુ છે તે મહત્વનુ કારણ ગણી શકાય.

જિલ્લામાં શિક્ષણનુ પ્રમાણ ૩૪ ટકા છે પણ જિલ્લાની આદિવાસી વસતિની રીતે તપાસીએ તો કુલ આદિવાસી વસતિમાંથી માત્ર ૧૪.૧૨ ટકા છે. આમ બિન આદિવાસી વસતિમા જિલ્લામા પણ શિક્ષણનું પ્રમાણ ખૂબ નીચુ છે. ખાસ તો બારડોલી, વ્યારા, ચોર્યાસી, વગેરે તાલુકાઓમા જુદી જુદી શિક્ષણની સંસ્થાઓને કારણે આદિવાસીઓમા શિક્ષણનુ પ્રમાણ છેલ્લા કેટલાક વર્ષોમા વધારે થયુ છે. જયારે સોનગઢ, નીઝર, ઉચ્છલ વગેરે તાલુકાઓમા આશ્રમશાળાઓ અને અન્ય શિક્ષણની સંસ્થાઓનો પૂરતો વિકાસ થયો નહિ હોવાને કારણે આ તાલુકાઓમા શિક્ષણનુ પ્રમાણ ખૂબ નીચે છે.

મોહિણી ગામમા શિક્ષણનુ પ્રમાણ માત્ર ૪.૨ ટકા છે. કુલ ૫૦૫ની વસતિમાથી માત્ર ૨૧ જ વ્યકિત લખી વાંચી શકે તેવી યા થોડુ શિક્ષણ લીધેલ હોય તેવી છે. ૨૧ વ્યકિતમાંથી સ્ત્રી એક પણ નથી, જે વાચી લખી શકતી હોય. તપાસના વર્ષમા ગામમા ૧ થી ૪ ધોરણની શાળા ચાલે છે. જેનુ સંચાલન સર્વોદય યોજના દ્વારા કરવામા આવે છે. બને શિક્ષકો ટ્રેઇન્ડ છે અને ગામમા જ રહે છે. એક શિક્ષક આદિવાસી છે અને એક બીનઆદિવાસી છે. શાળામા ધોરણવાર અભ્યાસ કરતા બાળકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

૧૯૬૭-૬૮

| ધોરણ | છોકરા | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૮ | ૨૧ | ૪૯ |
| ૨ | ૧૩ | ૫ | ૧૮ |
| ૩ | ૪ | ૨ | ૬ |
| ૪ | ૪ | - | ૪ |

શાળાનો સમય સવારના ૮ થી ૧૧ અને સાંજના ૨ થી ૫ નો છે. બધા જ વર્ગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બંને સમય શાળામાં આવવુ પડે છે. હાજરી દરરોજ નિયમિત રહે તે માટે શાળાનો સમય આ પ્રમાણે રાખવામાં આવ્યો છે. જોકે શાળામાં પૂરતી હાજરી રહેતી નથી અને બાળકો સમયસર શાળામાં આવતા પણ નથી.

હાલ ગામમાથી બે વિદ્યાર્થી નોન-મેટ્રીક થયેલ છે અને બે વિદ્યાર્થીઓ ફાઇનલ સુધી અભ્યાસ કરેલ છે. નેસૂ જંગલમંડળીમાં બે જણ હાલમા નોકરી કરે છે અને બે ખેતીનો ધંધો ધંધો કરે છે. હાલમા બે વિદ્યાર્થી કરોડ આશ્રમશાળામાં અભ્યાસ કરે છે. વધુ અભ્યાસ માટે કરોડ યા ચામી ડા જાય છે.

આરોગ્ય:

જિલ્લામાં સુરત મોટું શહેર છે અને ત્યા દરેક પ્રકારની સગવડ ઉપલબ્ધ છે. આ સિવાય પણ તાલુકાના કેટલાક મથકોમાં પણ દવાખાનાની સગવડ સારી છે. ઉચ્છલ તાલુકામા આ સગવડનો વિકાસ થયો નથી. તાલુકા મથકમા પણ આ સગવડ નથી. આને કારણે લોકો નવાપુર જાયછે. થોડા વર્ષોથી કરોડમા પબ્લીક હેલ્થ સેન્ટરની શરુઆત



કરવામાં આવી છે. જેનો લાભ મોહીની ગામના તથા આજુબાજુના ગામોને મળી શકે છે. પરંતુ ડોકટરની જનતાની સેવા પ્રત્યેની બેદરકારી, દવાઓનો અભાવ, વગેરેને કારણે આ વિભાગની જનતાને આનો પૂરોલાભ મળતો નથી. ખાસ કરીને આ વિસ્તારના લોકો દવા માટે ચિચપાડા મિશનરી હોસ્પિટલમાં જાય છે. જે મોહોણીથી ૮ માઇલના અંતરે આવેલુ છે. બધા લોકોને આ હોસ્પિટલ દૂર હોવા છતા અનેક કારણોથી અનુકુળ પડે છે. જેમકે ડોકટરો તથા સંચાલકોનો પ્રેમ, મમતા, તાત્કાલિક દરદીની તપાસ કરી જરુરી દવાઓ આપવી, પૈસાની સગવડ ન હોય તો મફત દવા આપવી, જરુર લાગે તો દવાખાનામા દાખલ કરાવી રહેવા તથા જમવાની સગવડ આપવી વિગેરે.

મેલેરિયા નાબુદી માટે સરકારી કર્મચારીઓ આ વિસ્તારમાં ફરે છે પણ કોઇ પોતાના વિસ્તારમા મકાન રાખીને રહેતા નથી. બધા જ કર્મચારીઓ નવાપુરમા રહે છે. અને કોઇક વાર પોતાના વિસ્તારમા આટો મારી આવે છે. ખાસ કરીને આ વિસ્તારમાં મચ્છરનું પ્રમાણ ખૂબ વધારે છે. સાથે કોઇને કોઇ દરદી મેલેરિયાનો ભોગ બનેલ હોય છે. જ્યારે મેલેરિયા નાબુદીમા કામ કરતા કર્મચારીઓ ગામની મુલાકાતે આવે છે ત્યારે પણ આવા કોઇ દરદીને ઘેર જઇ તપાસ કરી યોગ્ય દવા પૂરી પાડવાને બદલે તેના ઉપર અમલદારશાહીની રીતે ધમકાવે છે.

# પ્રકરણ - ૪

## ૧૯૭૯માં દેખાતા પરિવર્તનો

આગળ ઉપર આપણે ૧૯૬૯ માં તપાસના તારણો જોયા. આ જ ગામના એ જ કુટુંબોને લઇ તપાસવામાં આવ્યા હતાં. આ પ્રકરણમાં ૧૯૬૯ અને ૧૯૭૯ ની તુલનાત્મક સ્થિતિનાં વર્ણન ઉપરથી તેમના આર્થિક જીવનમાં આવેલા પરિવર્તનોનો ખ્યાલ આપે છે.

### ગામ

પસંદ કરેલ મોહિની ગામ સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકામાં આવેલ છે. ઉચ્છલ તાલુકો મહારાષ્ટ્રની સરહદ પરનો તાલુકો છે. આ વિસ્તાર ડુંગરો અને જંગલોથી છવાયેલો હતો. જેમાં અનેક નદી નાળાં અને ડુંગરાળ જમીનો છે. આ તાલુકામાં ૧૯૬૧ માં કુલ ૬૯ ગામો હતાં, જેમાં થી ૮ ગામો ઉજ્જડ હતા અને ૧૮ ગામો ઉકાઇ જલાગાર યોજનામાં ડુબમાં જતા હતા. ડુબમાં જતા ગામોને આ જ તાલુકાના વિસ્તારમાં જંગલો કાપીને વસાવવાના હતાં. જે યોજના મુજબ પસંદ કરેલ મોહિની ગામ ૧૯૬૯ માં ચારે બાજુ જંગલોવાળો પ્રદેશ હતો. તેની જગ્યાએ અત્યારે જંગલો કાપી નવા ગામો વસાવવામાં આવ્યા છે. આ નવા અને જુના ગામો મોહિની ગામની ચારે બાજુ અત્યારે આ પ્રમાણે છે.

મોહિની ગામ જુની વસાવતનું છે. એની પૂર્વમાં કુઇદા, આરકાટી અને ધૂપી આ ત્રણે ગામ નવા વસાવેલ છે. દક્ષિણમાં જુની વસાહતનું 'ચંદાપુર' અને

નવી વસાહતમાં 'વડગામ' વસાવેલ છે અને નેસુ નદી આવેલી છે. આ નેસુ નદીનો ઉપરના ભાગથી મહારાષ્ટ્ર શરૂ થાય છે. જ્યારે પશ્ચિમમાં જુની વસાહતના ગામોમાં કુંભરાણ અને વાઘછીપા જ્યારે 'નારણપુર' એ નવી વસાહતનું ગામ છે. ઉત્તરમાં નવી વસાહતના ગામોમાં આમકુટી અને ટોંકરવા ગામો છે. આમ જોતાં લાગે છે કે મોહિની ગામની પરિસ્થિતિમાં ચારે બાજુથી ઘણો મોટો ફરક પડી ગયો છે. કારણ કે ચારે બાજુ જંગલો કાપીનાખીને ડુબમાં ગયેલ ગામોને અહીં વસાવવામાં આવ્યાં છે. જેને કારણે નજીકના જંગલો બીલકુલ સાફ થઇ ગયા છે.

ઉચ્છલ તાલુકામાં આદિવાસીઓની વસ્તી ૯૬.૪ ટકાની છે. જ્યારે મોહિની ગામમાં ૯૮.૯ ટકા આદિવાસી વસ્તી છે.

મોહિની ગામ ઉચ્છલ તાલુકા મથકથી ૨૨ કી.મી. દૂર આવેલું છે. ઉચ્છલ નીઝર ડામર રોડ પર આવેલ આમકુટી થી ૩ કિલોમીટર દૂર મોહિની ગામ છે. બસ સ્ટેશન માટે આમકુટી જવું પડે. તે સિવાય ઉચ્છલથી કરોડની બસ મોહિની ગામમાંથી જાય છે. પણ રસ્તો સારો નહીં હોવાથી બારે માસ બસ વ્યવહાર ચાલુ રહેતો નથી. ગામમાં ૧૯૬૯ માં એક દુકાન હતી, જેમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ગામના લોકો મેળવી શકતા પણ ૧૯૭૯ માં મોહિની ગામમાં એક પણ દુકાન નથી. જેથી જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા માટે ઉચ્છલ નવાપુર કે નવી વસાહતના ધૂપી ગામે જાય છે. ગામમાં કુલ ૧૫૧ કુટુંબો હતાં જેમાંથી ૪૧૬ પુરુષો અને ૪૩૫ સ્ત્રીઓ. કુલ ૮૫૧ ની વસ્તી હતી. જેમાં ૧ કુટુંબ અનુસૂચિત જાતિનું હતું અને બે કુટુંબ કાથોડી જાતિના હતાં. તે ઉપરાંતના બધા કુટુંબો 'વસાવા' જાતિના હતા. છેલ્લા દસ વર્ષમાં જન્મ મરણના આંકડા તપાસતા લાગે છે કે,



જન્મ પ્રમાણ વધતુ જાય છે, અને મૃત્યુના પ્રમાણનો દર ઘટતો જાય છે. છેલ્લા દસ વર્ષમાં ૧૫ મૃત્યુ થયા છે અને ૮૦ નવા જન્મેલાની સંખ્યા ગામમાં હતી.

અન્ય સગવડોમાં ગામમાં હાલમાં દવાખાનું નથી. પણ ગામના જ એક વ્યક્તિને તાલીમ આપી પ્રાથમિક દવાઓ તે આપે છે. તે સિવાય મેલેરિયા નાબુદી યોજના નીચે વ્યક્તિ ગામમાં રહે છે, જે મેલેરિયાની દવા, તેમજ શીતળાની રસી વગેરે આપે છે. આ ઉપરાંત ગામમાં ગ્રામસેવક અને બે શિક્ષકો ભાડેથી મકાન રાખીને રહે છે.

ગામમાં પીવાના પાણીના બે કુવા છે. દુકાન કે સહકારી મંડળી ગામમાં નથી. પણ ગામ.ાં સહકારી મંડળી અને જંગલ મંડળીના સભ્યો છે. નેસુ જંગલ મંડળીના ૪૦ સભ્યો મોહિની ગામના છે.

મોહિની ગામમાં કુલ ૧૫૧ કુટુંબો છે જેમાંથી માત્ર ૭૮ કુટુંબો ખાતેદારો છે, જે જમીન ધારણ કરે છે. બીજા કુટુંબો ખેતમજૂરી પર જીવનનિર્વાહ કરે છે. આ ૭૮ ખાતેદારોમાં જમીન વહેંચણી આ પ્રમાણે અત્યારે જોવા મળી હતી.

<u>જમીન ધારણ કરનાર કુટુંબો</u>

| | |
|---|---|
| સીમાન્ત ખેડૂતો | ૧ |
| પાંચએકર કરતાં ઓછા ખાતેદારો | ૨૧ |
| ૫ થી ૭ એકર | ૧૩ |
| ૭ થી ૧૦ એકર | ૧૧ |
| ૧૦ થી ૨૦ એકર | ૨૬ |
| ૨૦ થી વધુ | ૬ |
| કુલ | ૭૮ |

લગભગ ૫૦ ટકા કુટુંબો જમીન વિહોણાં છે. ૧૯૬૧ ની વસ્તી ગણતરીપત્રક મુજબ મોહિની ગામમાં ૭૯ કુટુંબો હતાં અને તપાસના વર્ષે ૧૯૬૯ માં ૯૬ કુટુંબો હતાં. જ્યારે આજે ૧૫૧ કુટુંબો છે. અને જમીન ધારણ કરનાર એ જ કુટુંબો છે. જેઓના અલગ ખાતા જલ્દી પડતા નથી. જેને કારણે કુટુંબમાં છોકરાઓ લગ્ન બાદ અલગ રહે જેથી કુટુંબોની સંખ્યા વધતી જાય. અને જેઓ ખેતમજૂરી તરફ ધકેલાતા જાય છે.

૧૯૬૯ માં મોહિની ગામમાંથી કુલ ૪૭ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. તે જ કુટુંબોની સ્થિતિ ૧૯૭૯ માં નીચે પ્રમાણે હતી.

૧૯૬૯ માં પસંદ કરેલ કુટુંબોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ

અને તે જ કુટુંબોની ૧૯૭૯ માં શું સ્થિતિ હતી તે દર્શાવતો

કોઠો

| વર્ષ | ખેતી | ખેત મજૂર | મૃત્યુ પામેલ | બહારગામ મજૂરી માટે ચાલ્યા ગયેલ કુટુંબો | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૪ | ૧૩ | | | ૪૭ |
| ૧૯૭૯ | ૨૫ | ૧૩ | ૩ | ૬ | ૪૭ |



૧૯૭૯ માં પણ તે જ કુટુંબોને તપાસમાં લેવામાં આવ્યા હતાં. જેમાંથી મૃત્યુ પામેલ ૩ અને ગામ છોડીને ચાલ્યા ગયેલ ૬ કુટુંબોને છોડી દઇ ૩૮ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી.

૧૯૬૯ માં જમીન હોય અને ૧૯૭૯ માં ખેત મજૂર થયા હોય તેવા ૩ કુટુંબો હતાં. જેમની જમીન ૯ એકર ૨૦ ગુંઠા હતી. જ્યારે ૧૯૬૯ માં જેમની પાસે બિલકુલ જમીન ન હતી તેવા ૨ કુટુંબોએ જમીન મેળવી ખેતમજૂરીમાંથી ખેતી કરતા થયા હતાં. આ બે કુટુંબોએ ૨૯ એકર ૨૩ ગુંઠા જમીન મેળવી છે, જે જમીન અંદરો-અંદરની વેચાણથી રાખેલ છે. તેનો ખ્યાલ પ્રથમ નજરે જેમની પાસે જમીન હતી તે જમીનના કદમાં જે ફેરફારો થયા છે તેની પરથી આવે છે. ૧૯૬૯ માં જમીન જેમની પાસે જેટલી હતી તેમાં ૧૯૭૯ માં વધારો થયો હોય તે જ ખાતેદારોમાં તેવા ૧૧ ખાતેદારો છે અને ૨ ખાતેદારો જમીન વગરના હતાં. જેઓએ જમીન પ્રાપ્ત કરી એટલે ૧૩ ખાતેદારો એવા ૧૯૭૯ ની તપાસમાં જોવા મળ્યા છે. કે જેની જમીનમાં વધારો થયો છે. જ્યારે ૧૯૬૯ માં જે ખાતેદારો પાસે જે જમીન હતી તેના કરતા ઓછી થઇ હોય તેવા ૬ ખાતેદારો હતાં. એટલે છેલ્લા દસ વર્ષમાં જમીન માલિકીમાં પણ ફેરફારો થયા છે, જેમાં બહારગામ ચાલી ગયેલની પાસે આજ જમીન હોય પણ તે બીજાને ગીરો કે ભાગે વાવવા આપી ચાલ્યો જાય છે. આ પ્રમાણે જમીન ધારણ કદમાં થયેલ ફેરફારો જોવા મળ્યા હતાં.

## શિક્ષણ

છેલ્લા દસ વર્ષમાં શિક્ષણમાં પણ ગામમાં મોટુ પરિવર્તન દેખાતુ નથી.

નિશાળનો એક ઓરડો ૧૯૬૯ માં હતો એનો એ ઓરડો છે તેની બાજુમાં નવો બંધાય છે. પણ બે વર્ષથી હજુ અધુરુ બાંધકામ છે. એક જ ઓરડામાં ૧ થી ૪ ધોરણ સુધીના વિધાર્થીઓ અને બે શિક્ષકો બેસે છે. આ શાળા સર્વોદય સંચાલિત છે.

૧૯૬૯ માં આ પ્રમાણે સંખ્યા હતી. ૧૯૭૯માં આ પ્રમાણે હતી.

| | છોકરા | છોકરીઓ | | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ધોરણ-૧ | ૨૮ | ૨૧ | ૪૯ | ૨૨ | ૧૬ | ૩૮ |
| ધોરણ-૨ | ૧૩ | ૫ | ૧૮ | ૧૭ | ૪ | ૨૧ |
| ધોરણ-૩ | ૪ | ૨ | ૬ | ૬ | ૩ | ૯ |
| ધોરણ-૪ | ૪ | - | ૪ | ૮ | ૦ | ૮ |
| | ૪૯ | ૨૮ | ૭૭ | ૫૩ | ૨૩ | ૭૬ |

૧૦ વર્ષમાં શિક્ષણ લેનાર વિધાર્થીઓની સંખ્યા જોતા લાગે છે કે, સંખ્યા વધવાને બદલે ઘટતી જાય છે. અને તેમાંય ૪થા ધોરણમાં દાખલ થયેલ વિધાર્થીઓના ચોથા ભાગના પણ આવી શકતા નથી. આ રીતે આટલા વર્ષોમાં શિક્ષણની પરિસ્થિતિ આ પ્રમાણે રહી છે. તેમાંથી રજીસ્ટર પરની સંખ્યા આટલી હોવા છતાં તેમાંથી મોટા ભાગના ગેરહાજર જ હોય છે. કારણ કે મા-બાપો મજૂરી કરવા જાય તો સાથે લઇ જાય છે. તેમજ ઢોર ચરાવવા નાના ભાઇબહેનોને રાખવા કે ઘરકામ માટે ઘેર બાળકોને રાખવામાં આવે છે. આખા ગામમાં ૧૯૭૯ માં અન્ય જગ્યાએ શિક્ષણ લેતા કે લઇ રહેલા વિધાર્થીઓ નીચે પ્રમાણે જોવા મળ્યા હતાં.



| | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ધોરણ-૫ | ૩ | ૦ | ૩ |
| ધોરણ-૬ | ૩ | ૩ | ૬ |
| ધોરણ-૭ | ૬ | ૪ | ૧૦ |
| ધોરણ-૮ | ૨ | ૧ | ૩ |
| ધોરણ-૯ | ૦ | ૦ | ૦ |
| ધોરણ-૧૦ | ૪ | ૦ | ૪ |
| ધોરણ-૧૧ | ૨ | ૧ | ૩ |

પીટીસી કુમાર એક

આ પ્રમાણે શિક્ષણ લેતા વિધાર્થીઓ છે. જ્યારે માત્ર એક ગ્રેજ્યુએટ ગામમાં છે. એટલે શિક્ષણ પ્રમાણ ઘણું ઓછું છે.

જ્યારે મોહિની ગામની શાળામાં ૧૯૭૪-૭૫ માં દાખલ થયેલ ૨૯ વિધાર્થીઓને ધોરણ ૪ સુધી ૧૯૭૭-૭૮ સુધી તપાસતા ધોરણ-૪ માં ૧૯૭૭-૭૮ માં તેમાંથી માત્ર ૯ વિધાર્થીઓ હતાં. એટલે વચ્ચે ઉઠી જનારનું પ્રમાણ ઘણું મોટું છે. આ રીતે બગાડ અને સ્થગિતતાનું પ્રમાણ ખર્ચ સાથે જોઇએ તો ઘણુ વધારે કહી શકાય.

મોહિની ગામમાં ૧૯૬૯ માં ૪૭ કુટુંબો અને ૧૯૭૯ માં ૩૮ કુટુંબો તપાસમાં લીધા હતાં. જેનું કુટુંબનું કદ બન્ને વર્ષે આ પ્રમાણે હતું

## કુટુંબનું કદ (૧૯૬૯ અને ૧૯૭૯)

| સભ્ય સંખ્યા | ખેતી કરતા કુટુંબો | | ખેત-મજૂરી કરતા કુટુંબો | |
|---|---|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૬૯ | ૧૯૭૯ |
| ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો | ૩ | ૭ | ૩ | ૩ |
| ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો | ૧૨ | ૯ | ૩ | ૭ |
| ૭ થી ૯ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો | ૬ | ૪ | ૭ | ૨ |
| ૧૦ થી વધારે સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો | ૧૩ | ૫ | - | ૧ |
| કુલ..... | ૩૪ | ૨૫ | ૧૩ | ૧૩ |

કુટુંબના કદમાં ૪ થી ૬ સભ્યોવાળા કુટુંબોની સંખ્યા તપાસના બંને વર્ષોમાં વધુ છે. એટલે લગભગ સરેરાશ ૬ સભ્ય સંખ્યા મોહિનીમાં જોવા મળી હતી.



આ કુટુંબોમાં મિલ્કત અંગે તારણો બંને તપાસ વર્ષોમાં જોઇએ તો સ્પષ્ટ ખ્યાલ આવશે કે મિલ્કતો માં કોઇ ફેરફાર થયેલા છે. મિલ્કતમાં કુલ કિંમત ગણવામાં આવી છે. જેમાં ખેતી કરતા કુટુંબો અને ખેતમજૂરી કરતા કુટુંબો ૧૯૬૯ અને ૧૯૭૯ નો વર્ષની તપાસના તારણો અલગ અલગ બતાવવામાં આવ્યા છે. જેથી મિલ્કતમાં કેટલો વધારો કે ઘટાડો થયો છે તેનો ખ્યાલ આવે. આ કિંમતોમાં તપાસના વર્ષની ચાલુ કિંમતો ગણવામાં આવી છે. એટલે કે ૧૯૬૯ કરતા ઘણાં ભાવો વધ્યા છે જે તેમની મિલ્કત જોતા ખ્યાલ આવે છે. આ મિલ્કતોમાં ખાસ કરીને જમીન, માલીકીની જમીનમાં કે માલીકીના વૃક્ષો, ઘર, પશુઓ, ખેતીનાં સાધનો, ઘરવખરીના સાધનો, રોકડ, સોના-ચાંદીના દાગીના, તેમજ શેર-રોકાણ વગેરે સર્વને મિલ્કતમાં ગણી લઇ તેની ચાલુ ભાવની કિંમતો અહીં મૂકેલ છે. આ મિલ્કતોને કુટુંબદીઠ અને વ્યકિતદીઠ કેટલી કેટલી છે તે નીચેના કોઠામાં આપવામાં આવેલ છે.

### મિલ્કત (૧૯૬૯ અને ૧૯૭૯)

| | કુટુંબદીઠ | વ્યકિત દીઠ |
|---|---|---|
| ખેતી કરતા કુટુંબો (૧૯૬૯) | ૧૦૨૫૦.૭ | ૧૩૪૦.૫ |
| ખેતમજૂરી કરતા કુટુંબો(૧૯૬૯) | ૧૦૧૬.૪ | ૧૬૯.૪ |
| ખેતી કરતા કુટુંબો (૧૯૭૯) | ૨૨૪૮૭.૮ | ૩૭૨૩.૧ |
| ખેતમજૂરી કરતા (૧૯૭૯) | ૧૨૨૭.૩ | ૨૨૭.૯ |

મિલ્કતનો કોઠો જોતા પ્રથમ નજરે લાગે કે મિલ્કતોમાં વધારો થયો છે. જો કે મિલ્કતોમાં બહુ વધારો થયો નથી. છતાં ભાવોની સપાટી ઉંચી હોવાથી બજાર કિંમતે ગણતા મિલ્કતમાં વધારો દેખાય છે. તે ઉપરાંત ગામમાં મિલ્કતોમાં ઘરોની પારિસ્થિતિ લગભગ એક પ્રકારી છે. ૧૯૬૯ માં બે મકાન પાકા હતાં તેની જગ્યાએ ૧૯૭૯ માં બીજા ત્રણ મકાનો પાકા થયા છે.

આ સિવાય પશુઓની સંખ્યા વધી છે અને ૧૯૬૯ માં ગામમાં પીયત માટેના કૂવા નહોતા તેની જગ્યાએ બે કૂવા અને બે ઓઈલ એન્જિનો આવ્યા છે. જે મિલ્કતમાં ખેતી કરતા કુટુંબોમાં સીધો વધારો સૂચવે છે. આ સિવાય ભૌતિક વસ્તુઓમાં વધુ ફર્ક દેખાતો નથી. તેની પ્રતિતિ તો નીચે આપેલ કોઠામાં જે ઘર વખરી ૧૯૬૯ માં હતી અને ૧૯૭૯ માં જે ઘરવખરી છે તે બન્નેની તુલનાથી મિલ્કતનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. (જુઓ પાન નં.૬૮ અને ૬૯)

સદરહુ કોઠો જોતા ઘરવખરીમાં ૧૯૭૯ માં એક બે કુટુંબોમાં સ્ટીલના ૫ ની જગ્યાએ ૧૦ વાસણો થયા છે. તે ઉપરાંત ૧૯૬૯માં ઘડીયાળ અને રેડિયો ગામમાં નહોતા તો ૧૯૭૯ માં ૨ ઘડીયાળ અને એક રેડીયો આવ્યા છે. માટીના વાસણોમાંની વપરાશની સંખ્યા થોડીક ઘટી છે. સાથે સાથે ખાટલાઓની સંખ્યા પણ ઘટી છે. ફાનસો વાપરનારની સંખ્યા વધી છે. ૧૯૬૯ માં માત્ર ૪ ફાનસો હતી તેની જગ્યાએ આજે ૧૪ ફાનસો વપરાશમાં છે. તેમજ કપડાં મૂકવાની પેટીઓની સંખ્યા ૧૯૭૯માં ૨૮.ની છે જે ૧૯૬૯માં માત્ર ૭ ની હતી. ઘંટીઓની સંખ્યા પણ વધવાને બદલે ઘટી છે. પિત્તળના વાસણોની સંખ્યા ઘટી છે. પિત્તળના વાસણોની



ઘરવખરીની મિલ્કત

| મિલ્કતનું નામ | મિલ્કતની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | ખેતમજૂરી કરનાર કુટુંબો | | ખેતી કરનાર કુટુંબો | |
| | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૬૯ | ૧૯૭૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| કુલ કુટુંબ સંખ્યા | ૧૩ | ૧૩ | ૩૪ | ૨૫ |
| <u>વાંસણો</u> | | | | |
| એલ્યુમિનિયમ | ૪૩ | ૭૮ | ૧૨૦ | ૧૨૫ |
| પિત્તળ | ૨૭ | ૬ | ૧૬૫ | ૮૧ |
| તાંબુ | ૩ | - | ૮ | ૩ |
| માટી | ૮૦ | ૪૪ | ૨૦૪ | ૧૧૨ |
| કાંસુ | ૪ | - | ૩ | ૧ |
| સ્ટીલ | - | - | ૫ | ૧૦ |
| કાથીના ખાટલા | ૨૬ | ૨૪ | ૮૬ | ૫૫ |
| માછલા પકડવાની જાળ | ૧૨ | ૧૨ | ૩૭ | ૨૧ |
| ફરનીચર | - | - | ૯ | ૩ |
| કાંડા ઘડીયાળ | - | - | | ૨ |
| રે ડી યો | - | - | | ૧ |
| પેટ્રોમેકસ | - | | ૨ | - |
| ફા ન સ | - | | ૬ | ૧૦ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ચીમની | ૯ | ૧૩ | ૨૬ | ૨૫ |
| ટોપલા | ૧૪ | ૫૫ | ૯૯ | ૧૮૨ |
| બેટરી | - | - | ૭ | ૮ |
| પેટી | ૧ | ૭ | ૬ | ૨૧ |
| ઘંટી | ૧૦ | ૭ | ૩૨ | ૨૧ |
| અન્ય | | - | ૬ | ૩ |

વપરાશ ઘટી છે. અને એલ્યુમીનીયમના વાસણોની વપરાશ વધી છે. આ રીતનો ફેરફાર ઘરવખરીની વસ્તુઓમાં દેખાય છે.

આવક
----

મોહિની ગામની ચારે બાજુમાં નવી વસાહતો થવાથી મોહિની ગામમાં જમીનનાં ભાવો વધ્યા છે. કારણ કે આજુબાજુમાં વસાવેલ કુટુંબોને માત્ર ચાર એકર જમીન જ આપવામાં આવી છે. જેથી જમીન ખરીદનાર તેમજ ગીરો કે ભાગે આપનાર/વાવનાર કુટુંબોની સંખ્યા વધી છે. આને કારણે, જમીન પરનું ભારણ વધ્યું છે. સાથે સાથે મોહિની ગામના લોકોની જંગલોની જે આવકો ૧૯૬૯ માં હતી તે ઓછી થઇ છે. જંગલો કપાઇ જવાથી અને તેની જ જગ્યાએ દૂરના જંગલોના



કુપો નવી થયેલ જંગલ મંડળીને સોંપાયેલ હોવાથી, જંગલ મજૂરી વધી છે. જેમાં માત્ર ત્રણ ચાર ખાસ જંગલ કટીંગ અને વાહતુકનું કામ કેટલાક કુટુંબો કરે છે. આવકના સાધનોમાં ખેતી, ખેતમજૂરીની આવકો મુખ્ય છે. જેમની પાસે જમીન નથી તેવા ૧૩ કુટુંબો ખેતમજૂરી કરે છે. ખાસ કરીને બહારગામ તેમને મજૂરી માટે જવું પડે છે. તેઓ બારડોલી બાજુ ખેતમજૂરી માટે જાય છે. ત્યાં તેમને મજૂરી ૩ થી ૪ રૂ. મળે છે. જ્યારે ગામમાં ૨ થી ૩ રૂ. મજૂરી મળે છે. ગામમાં કે આજુબાજુના વિસ્તારોમાં ખેતમજૂરી કાયમ તેમજ વધારે મળી શકતી નથી. કારણ કે આજુબાજુ નવી વસાહતો હોવાથી ખેતમજૂરોનું પ્રમાણ દરેક ગામમાં ૫૦ ટકા ઉપરનું હોવાથી ખેતમજૂરી માટે અન્ય વિસ્તારમાં આ કુટુંબો કુટુંબ સાથે જાય છે. અને ત્યાં ત્રણ ચાર માસ મજૂરી કરી આવે છે. તે સિવાય જંગલ મજૂરી થોડોક સમય ચાલે છે. આ સિવાય તેમની પાસે આવકના સાધનો નથી. જેને પારણામે બાર માહનાનો રોટલો મજૂરીમાંથી પ્રાપ્ત થતો નથી. આ ઉપરાંત ખેતી કરવાવાળા ૨૫ કુટુંબો પ્રણ મોટે ભાગે ઓછી જમીન ધરાવતા હોવાથી અને પરંપરાગત રીતે ખેતી કરતા હોવાથી ૧૨ માસ એ ખેતીની આવક રોજી આપી શકતી નથી. જેથી તેઓ પણ જંગલ મજૂરી અને ખેત મજૂરી જેવા પૂરક રોજગારી કરે છે.

આવકના સાધનો દ્વારા જે આવકો ૧૯૬૯ માં પ્રાપ્ત કરેલ અને ૧૯૭૯ માં જે આવકો પ્રાપ્ત કરેલ તેનો કોઠો નીચે પ્રમાણ છે. જે જોવાથી આવકનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આવકનો કોઠો જોતા ખ્યાલ આવે છે કે, ખેતી કરનાર કુટુંબોની તેમજ ખેત-મજૂરી કરતા કુટુંબોની આવકમાં કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ ફેરફારો જોવા મળે છે. એટલે કે આવકો વધી છે. દરેક સાધનો દ્વારા પ્રાપ્ત થયેલ આવકો વધી છે. એના ઘણાં કારણો છે. એક તો ખેત પેદાશોના ભાવો વધ્યા છે. તેમજ મજૂરીના દરો વધ્યા છે અને જંગલમંડળીઓ થવાથી જંગલની આવકોમાં જંગલ મજૂરી લગભગ ત્રણ ચાર માસ ચાલે છે. આમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત તો એ છે કે ખેતી કરતા કુટુંબોની આવકમાં ઘણો મોટો ફર્ક દેખાય છે. તેનું કારણ એ છે કે ખેતી કરતા કુટુંબોમાં ૧૫ એકર કરતા વધુ જમીન ધરાવનાર ખેડૂતો પાસે કૂવા ઓઇલ એન્જિન હોવાથી પીત દ્વારા તેમજ જમીન વધારે હોવાથી ખેતીની આવકો વધુ મેળવી શકે છે. આ માટે ૨૦ એકર કરતા વધુ જમીન ધરાવતા ખાતેદારોની આવક જુદી લઇએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ૨૦ એકર કરતા ઓછી જમીન ધરાવનાર કરતાં ૨૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબોની આવક વધારે છે. જો કે ૨૦ એકર કરતા વધુ જમીન ધરાવનાર મોટા ખેડૂતો માત્ર ત્રણ હોવા છતાં તેમની આવક જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે બન્ને વર્ગો વચ્ચે ઘણું અંતર પડી જાય છે. જેને કારણે તે આવકો વધુ દેખાય છે. તો નીચેનો કોઠો જોતાં ખ્યાલ આવે છે કે જમીનની આવકોમાં ૨૦ એકર કરતાં વધુ જમીન ધરાવતા ખેડૂતોની કેટલી છે અને ઓછી જમીન ધરાવતા કુટુંબોની આવક કેટલી છે.

આવક ૧૯૬૯ - ૧૯૭૯ ( રૂપિયામાં )

| વર્ષ | | ખેતી અને પશુ-પાલનની આવક | | મજૂરીની આવક | | જંગલ પેદાશ અને મજૂરીની આવક | | નોકરીની આવક | | અન્ય આવકો | | કુલ આવકો | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેતી કરતા કુટુંબો | ખેત મજૂરી કરતા | ખેતી કરતા | ખેત મજૂરી કરતા | ખેતી કરતા | ખેત મજૂરી કરતા | ખેતી કરતા | ખેત મજૂરી કરતા | ખેતી કરતા | ખેત મજૂરી કરતા | ખેતી કરતા | ખેત મજૂરી કરતા |
| ૧૯૭૯ | કુટુંબદીઠ | ૩૧૯૬ | ૧૩૭ | ૫૩૭ | ૧૪૯૦ | ૮૧ | ૬૦૨ | ૨૭ | - | ૧૨ | ૬ | ૩૯૯૪ | ૨૨૩૬ |
| | વ્યક્તિદીઠ | ૫૨૯ | ૨૫ | ૮૯ | ૨૭૭ | ૧૩ | ૧૧૨ | ૧૬૮ | - | ૨ | ૧ | ૬૬૧ | ૪૧૫ |
| ૧૯૬૯ | કુટુંબદીઠ | ૧૧૬૨ | ૪૧ | ૨૫૪ | ૫૫૫ | ૧૮ | ૩૧ | - | - | ૯૦ | ૪૬ | ૧૫૧૪ | ૬૭૮ |
| | વ્યક્તિદીઠ | ૧૫૨ | ૭ | ૩૩ | ૯૨ | ૨ | ૫ | - | - | ૧૨ | ૮ | ૧૯૮ | ૧૧૩ |

## જમીન ધરાવતા કુટુંબોની આવક

| | | ૨૦ એકર કરતા ઓછી જમીન હોય તેવા કુટુંબોની આવક (કુલ ૨૨ કુટુંબો) | ૨૦ એકર કરતા વધુ જમીન હોય તેવા કુટુંબોની આવક ( ૩ કુટુંબો ) |
|---|---|---|---|
| કુટુંબદીઠ આવક | ૧૯૭૯ | ૩૧૨૦ | ૧૦૪૦૧ |
| | ૧૯૬૯ | ૧૩૦૮ | ૪૮૦૦ |
| વ્યકિત દીઠ આવક | ૧૯૭૯ | ૫૭૨ | ૧૦૦૬ |
| | ૧૯૬૯ | ૧૭૮ | ૩૮૪ |

૨૦ એકર કરતા વધુ જમીન ધરાવતા કુટુંબોની આવક ૧૯૬૯ અને ૧૯૭૯ બંને તપાસના વર્ષોમાં વધુ છે. એમાં જો ૧૫ એકર કરતાં વધુ જમીન ધરાવતા કુલ ૭ કુટુંબોની આવકોને આ રીતે જોઇએ તો નાના ખેડૂતોની આવક ઘણી ઓછી કહી શકાય. જેને કારણે તેવા ખેડૂતો અન્ય પૂરક વ્યવસાયો કરી રોજી મેળવવાનો



## આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| | ૧ થી ૧૦૦૦ કુટુંબોની આવક વાળા કુટુંબો | | ૧૦૦૦ થી ૨૦૦૮ સુધી | | ૨૦૦૦ થી ૩૫૦૦ સુધી | | ૩૫૦૧ થી ૫૦૦૦ સુધી | | ૫૦૦૧ થી ૬૯૯૯ સુધી | | ૭૦૦૦ અને તેની ઉપરની આવક મેળ-વતા કુટુંબો | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૯૬૯ | '૭૯ | ૧૯૬૯ | '૭૯ | ૧૯૬૯ | '૭૯ | ૧૯૬૯ | '૭૯ | ૬૯ | ૭૯ | ૬૯ | ૭૯ | ૬૯ | ૭૯ |
| ખેતી કરનાર કુટુંબોની સંખ્યા | ૧૧ | – | ૧૬ | ૬ | ૫ | ૮ | ૧ | ૮ | ૧ | – | | ૩ | ૩૪ | ૨૫ |
| ખેત મજૂરી કરનાર કુટુંબોની સંખ્યા | ૧૨ | ૧ | ૧ | ૩ | – | ૮ | – | ૧ | – | – | – | – | ૧૩ | ૧૩ |

પ્રયત્ન કરે છે.

આ કુટુંબોની આવક જૂથ પ્રમાણે જોવાથી વધુ સચોટ ખ્યાલ આવે છે.

આવક જૂથ પ્રમાણે કુટુંબની વહેંચણીનો કોઠો જોતાં ૧૯૬૯ અને ૧૯૭૯નું ચિત્ર સ્પષ્ટ થાય છે કે ખેતી કરતા કુટુંબોમાંથી ૧૯૬૯ માં ૨૦૦૦ ની આવક જૂથ સુધીમાં મોટી સંખ્યા હતી. ૩૪ કુટુંબોમાંથી ૨૭ કુટુંબો બે હજારથી ઓછી આવક ધરાવતા હતાં. જ્યારે સાત હજાર સુધીની કોઇ કુટુંબની આવક નહોતી. એટલે કે ૧૯૭૯ માં આવક ધરાવતા કુટુંબોની આવક વધી છે. ૨૫ કુટુંબોમાંથી આવક વધી છે. ૨૫ કુટુંબોમાંથી ૩ કુટુંબો સાત હજાર ઉપરાંતની આવકો ધરાવે છે. જે વધારે જમીન ધારણ કરવા વાળા છે. જ્યારે ૨૦૦૦ સુધીની આવક ૬ જ કુટુંબો ધરાવતા હતાં. આ રીતે ખેતી કરવાવાળા કુટુંબોની આવકમાં વધારો થાય છે. તેવી રીતે ખેતમજૂરી કરવાવાળા ૧૩ કુટુંબોમાં ૧૯૬૯ માં ૧૩ માંથી ૧૨ કુટુંબો ૧૦૦૦ સુધીની જ વાર્ષિક આવક ધરાવતા હતાં. જ્યારે ૨૦૦૦ ઉપરની કોઇ કુટુંબની આવક નહોતી. જ્યારે ૧૯૭૯ માં ૨૦૦૦ ઉપરની આવક ધરાવતા લગભગ ૬૦ ટકા કુટુંબો હતા. આ રીતે આવકો વધેલી દેખાય છે. પણ આ આવક વધેલી હોવાથી તેમને પૂરતી રોજી મળે છે અથવા તો તેઓને બાર માસ પૂરતો જિવનનિર્વાહ પ્રાપ્ત થાય છે તેવું નિષ્કર્ષ તારવી શકાય નહી. કારણ કે ભાવો વધતાની સાથે આવકોની સાથે સાથે ખર્ચના આંકડા જોઇએ તો જ આખુ ચિત્ર સ્પષ્ટ થાય. તે સિવાય તેનો સાચો ખ્યાલ આવી શકે નહીં.



જે આવકો થાય છે તેના કરતાં ખર્ચ વધી જતુ હોય તેવા કુટુંબોનો કોઠો નીચે આપેલ છે. જે જોતા ખ્યાલ આવે છે કે વધુ આવક થવા છતાં જીવન નિર્વાહના અન્ય સાધનો હોવા છતાં જીવન નિર્વાહ થઇ શકતો નથી.

આવક કરતા ખર્ચ વધી જતુ હોય તેવા કુટુંબો

| વિગત | ૧૯૭૯ | ટકા | ૧૯૬૯ | ટકા |
|---|---|---|---|---|
| ખેતી કરતા કુટુંબોની સંખ્યા | ૧૪ | ૫૬ | ૧૪ | ૪૧.૨ |
| કુલ કુટુંબો | ૨૫ | | ૩૪ | |
| ખેત મજૂરી કરતા કુટુંબોની સંખ્યા | ૮ | ૬૧.૫ | ૬ | ૪૬.૧ |
| કુલ કુટુંબો | ૧૩ | | ૧૩ | |

૧૯૬૯ માં આવક કરતા ખર્ચ વધી જતુ હોય તેવા ૪૧ ટકા કુટુંબો હતા. ખેતી કરતા કુટુંબોમાંથી જ્યારે ૧૯૭૯ માં ૫૬ ટકા કુટુંબોની આવક કરતા ખર્ચ વધારે છે એટલે આવક ૧૯૬૯ કરતા વધુ હોવા છતાં દેવાદાર

કુટુંબો વધુ છે. તેમજ જીવન નિર્વાહ પૂરતુ પણ તેઓ પ્રાપ્તકરી શકતા નથી. ખર્ચ વધતુ જાય છે. જ્યારે ખેત મજૂરી કરતા કુટુંબોની સ્થિતિ ખેતી કરનાર કુટુંબો કરતા પણ વધુ ખરાબ છે. કારણ કે જેઓનો આધાર માત્ર મજૂરી છે. તેઓ ૧૯૬૯ માં ૧૩ કુટુંબોમાંથી ૬ કુટુંબો એટલે ૪૬ ટકા કુટુંબોનું આવક કરતા ખર્ચ વધારે હતું. જ્યારે ૧૯૭૯ માં આવકો વધવા છતાં ૬૧ ટકા કુટુંબોની આવક કરતા ખર્ચ વધે છે. એટલે ૧૦ વર્ષના ગાળામાં આવકો વધવા છતાં કુટુંબોના ખર્ચનું પ્રમાણ ઘણું વધ્યુ છે. તેમજ દિવસે દિવસે દેવાદાર થતા જાય છે. આવક અને ખર્ચના સાથે આંકડાઓ જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આવક અને ખર્ચ

| વિગત | | આવક ૧૯૬૯ | આવક ૧૯૭૯ | ખર્ચ ૧૯૬૯ | ખર્ચ ૧૯૭૯ |
|---|---|---|---|---|---|
| ખેતી કરતા કુટુંબો | કુટુંબદીઠ | ૧૫૧૪ | ૩૯૯૪ | ૧૩૮૯ | ૪૧૪૧ |
| | વ્યકિતદીઠ | ૧૯૮ | ૬૬૧ | ૧૮૧ | ૬૮૫ |
| ખેત મજૂરી કરતા કુટુંબો | કુટુંબદીઠ | ૬૭૮ | ૨૨૩૬ | ૬૯૪ | ૨૩૨૭ |
| | વ્યકિતદીઠ | ૧૧૩ | ૪૧૫ | ૧૧૫ | ૪૩૨ |



આવક અને ખર્ચના આંકડાઓ જોતા લાગે છે કે, ૧૯૬૯ અને ૧૯૭૯ બંને તપાસ વર્ષો માં ખેતી કરતા કુટુંબો અને ખેત મજૂરી કરતા કુટુંબો એ બન્ને પ્રકારના વ્યવસાયવાળા કુટુંબોના આવક કરતા ખર્ચનું પ્રમાણ વધારે છે. જ્યારે ૧૯૭૯ માં ૧૯૬૯ કરતા પણ ખર્ચ વધારે દેખાય છે. આ રીતે લગભગ મોટા ભાગના કુટુંબો દેવાદાર છે.

દેવું :-
-----

દેવાનું પ્રમાણ ૧૯૬૯ થી ૧૯૭૯ માં વધ્યું છે. દેવું ખાસ કરીને જીવન નિર્વાહ માટે કરવું પડે છે. કારણ કે જીવન નિર્વાહ માટે આવકના સાધનો પૂરતા નથી. ખર્ચ વધતું હોવાથી દેવું કરે છે. આ દેવું મોહનીની તપાસમાંથી લીધેલ કુટુંબોનું આ પ્રમાણે દેવું હતું.

દેવું ( જુઓ પાન નંબર ૭૯ )

દેવાના આંકડા જોતા લાગે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં બમણા અને ત્રણ ગણા થયા છે. એટલે કે દેવાદારો દેવામાંથી નીકળી શકતા નથી. અને ઉમેરો થતો રહે છે અને ઉત્તરોત્તર તેમને દેવું કરવું પડે છે.

દેવાની રકમ વધતી જાય છે તેમાં ખેતી કરવા વાળા અને ખેત મજૂરો બન્ને દેવાદારો છે અને બન્ને વર્ગોનું દેવું પ્રમાણમાં દસ વર્ષમાં ઘણું વધી જાય છે. એક યા બીજી રીતે દેવું કરવું પડે છે. આ દેવું આ ગામમાં ખાસ કરીને શાહુકાર અને સગાસંબંધીઓનું છે. સરકારનું દેવું તો માત્ર ૦.૦૨ ટકા જ છે. જે ખેતી માટે

દેવું

| | | રોકડમાં | | વસ્તુના રૂપમાં | | કુલ દેવું | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુટુંબદીઠ | વ્યકિતદીઠ | કુટુંબદીઠ | વ્યકિતદીઠ | કુટુંબદીઠ | વ્યકિતદીઠ |
| ખેતી કરતા કુટુંબો | ૧૯૭૯ | ૩૪૯.૨ | ૫૭.૮ | ૧૭૫.૦ | ૨૮.૯ | ૫૨૪.૩ | ૮૬.૮ |
| | ૧૯૬૯ | ૮૯.૭ | ૧૧.૭ | ૧૧૫.૮ | ૧૫.૧ | ૨૦૫.૫ | ૨૬.૮ |
| ખેત મજૂરી કરતા કુટુંબો | ૧૯૭૯ | ૧૫૩.૮ | ૨૮.૫ | ૯૯.૧ | ૧૮.૪ | ૨૫૩.૦ | ૧૯.૮ |
| | ૧૯૬૯ | ૨૩.૦ | ૩.૮ | ૪૦.૭ | ૬.૭ | ૬૩.૮ | ૧૦.૬ |



લીધેલ છે. તે સિવાયનું સમગ્ર દેવું જીવનનિર્વાહ માટે જ કરવું પડે છે.

આ રીતે સમગ્ર ચિત્ર જોતા લાગે છે કે છેલ્લા દસ વર્ષમા કુટુંબો દેવાદાર થયા છે. અને દેવાની રકમ વધતી જાય છે. આવક થવા છતાં તે આવકો તેમના જીવન નિર્વાહ પૂરતી નથી. જેથી તેમને દેવું કરીને ચલાવવું પડે છે. બીજા ફેરફારો -માં આસાલથી બે કુટુંબે બટાટાની ખેતી શરૂ કરી છે અને જીરાનો અખતરો કર્યો છે. પણ માર્ગદર્શનના અભાવે બી પણ નકામું જશે. તેની કોઇ જ આવક થાય તેમ નથી.

આ સિવાય હજી પણ ગામમાં ધિરાણની સંપૂર્ણ વ્યવસ્થા ઊભી થઇ શકી નથી. જેથી શાહુકાર પાસે જ જવું પડે છે. બીજા ખેતીના ફેરફારોમાં માત્ર બે ખેડૂતોએ જ ૫૬૬ લીધી હતી. તે સિવાય પરંપરાગત રીતે જ ખેતી કરે છે. ખેતીમાં જુવાર, ડાંગર, મુખ્ય છે. બીજા રોકડીયા પાકો ખાસ કરતા નથી.

# પ્ર ક ર ણ - ૫

## સૂ ચ નો

૧૯૬૯ થી ૧૯૭૯ સુધીના દસ વર્ષના ગાળા દરમિયાન મોહિની ગામમાં જે પરિવર્તન થયેલ છે તે પરિસ્થિતિ જન્ય પરિવર્તનો છે. જેમાં ઉકાઇ યોજનાના કારણે જંગલો સાફ કરીને મોહિની ગામની આસપાસ નવી વસાહત ઊભી કરવાથી અનેક જાતની નવી સમસ્યાઓ ઊભી થઇ છે. વિકાસ જે થવો જોઇએ તે થઇ શકયો નથી. અને દિવસો પસાર થતા ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે. તો આ સંદર્ભમાં આ પ્રશ્નનો ગંભીરપણે લક્ષમાં લઇ વિકાસના ચકો સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ગોઠવાય તો તેમાંથી મોટા ભાગના પ્રશ્નો ઉકેલી શકાય. આ અભ્યાસના આધારે નીચેના સૂચનો કરી શકાય.

૧. જમીનો જેમની પાસે છે તેઓને સીધુ ધિરાણ આપી નવા નવા પાકો લઇ શકે તે માટેનું માર્ગદર્શન આપવું જોઇએ. તેમને બિયારણ ખાતર અને ખેતીના સાધનો તથા રોકડ રકમ જોઇએ ત્યારે મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઇએ, તો ખેતી સારી રીતે કરી શકે.

૨. અહીં માત્ર બે ત્રણ ખેડૂતો સિવાય સિંચાઇ કોઇ કરતા નથી. કારણ કે સિંચાઇની વ્યવસ્થા નથી. તો બાજુની નદીમાં ચેક ડેમ બનાવી પાણી રોકી સિંચાઇ થઇ શકે તેમ જ કૂવાઓ વધુ બની શકે તેટલા ખોદાવી સહાય કરી કૂવાઓ તૈયાર કરાવવા જોઇએ.



૩. જમીન ધરાવતા ખેડૂતો અને ખેત મજૂરોને દૂધાળા ઢોર આપવાની યોજના કરવામાં આવે તો તેમાંથી પૂરક રોજી પ્રાપ્ત કરી શકે. પણ આ દૂધાળા ઢોર આપ્યા પહેલા ઢોરના ઘાસચારાની અને આ ઢોરના રહેઠાંણની વ્યવસ્થા કરવી જોઇએ. તે ઉપરાંત ખાસ જે દૂધ પ્રાપ્ત થાય તે દૂધ એકત્ર કરવા દૂધ સહકારી મંડળીઓ ઊભી કરી દૂધ એકઠુ કરી ઉચ્છલ અને નવાપુર કે સુરત સુધી મોકલી શકાય તો જ તેનો અર્થ સરે. એટલે પ્રથમ દૂધ મંડળીઓ રચી આ પ્રકારની સળંગ સૂત્ર વ્યવસ્થા કરી ઢોર આપવામાં આવે તો પૂરક રોજી મેળવી શકે.

૪. ઉકાઇ જલાગાર યોજનામાં ખેત મજૂરોને પણ માછલી પકડવાની છૂટ આપવામા આવે અને તેઓને તાલીમ આપી હોડીઓ અપાય તો તેઓએ મજૂરીની શોધમાં અન્ય વિસ્તારમાં રખડવું પડે છે તેની જગ્યાએ તેમને પોતાના વિસ્તારમાંથી જ રોજી મળી શકે. માછલી પકડનારાઓનો બધો માલ માછલી મંડળી લઇ લે નહીં પરંતુ તેમને ખાવા પૂરતો રાખી બાકીની માછલીઓ મંડળીએ લેવી જોઇએ.

૫. જંગલ સહકારી મંડળીઓ તેમને દર અઠવાડિયે નિયમિત સ્થળ પર જ પૈસા ચૂકવે તો તેમને ઉચ્છલના ધક્કા વારંવાર ખાવા ન પડે. અને રોજીના પૈસા તેમને ત્યાં મળે તો તેઓ ઉત્સાહથી કામ કરે.

૬. જંગલ સહકારી મંડળીઓ જે જંગલના કૂપો કાપવાનું કામ કરે છે તેની સાથે સાથે સરકાર સાથે 'જંગલ ઉછેર'ની પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઇએ. તેથી નવું પ્લાંટેશન આ મંડળીઓ દ્વારા થાય તો ત્યાંજ વ્યકિતઓને મજૂરી કાયમી મળી શકે અને મજૂરી માટે

બહારગામ ન જવું પડે.

૭. ખેતમજૂરોને કામ મળતુ નહીં હોવાથી અત્યારે તેઓ સુરત જિલ્લામાં અને મહારાષ્ટ્રમાં કામ કરવા માટે જાય છે. તો આવા કુટુંબોને જ્યાં મજૂરી કરવા જાય ત્યાં રહેવાની વ્યવસ્થા કરી શકાય તો સારુ. કારણ કે તેઓ બદતર સ્થિતિમાં ત્યાં રહેતા હોય છે. તેમજ તેમના બાળકોનું શિક્ષણ સ્થળાંતરને કારણે બગડે છે. તો જ્યાં આવી મજૂર વસાહતો હોય ત્યાં શિક્ષણની વ્યવસ્થા કરી તે બાળકોને શિક્ષણ મળે તેવું ગોઠવવું જોઈએ.

૮. ખેતમજૂરીના દર ઉચ્છલ તાલુકામાં બહું ઓછા છે અને તે પણ પરંપરાગત રીતે અનાજના રૂપમાં ચૂકવાય છે. તો તેઓને મજૂરીના લઘુત્તમ દરો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૯. મરઘા ઉછેર કેન્દ્ર અથવા કુટુંબદીઠ પાંચ દસ મરઘા આપી તેના ઈંડાને શહેર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી હોય તો પૂરક રોજી મળી શકે.

૧૦. ઉચ્છલતાલુકામાં માછલા મંડળીઓ ચાલે છે. અને આ ગામના સ્ત્રી-પુરુષો આજુબાજુની નદી-વહોળામાંથી માછલી પકડે છે. તે માછલી બહુ ઓછી મળે છે. તો નાનાં નાનાં તળાવો બનાવી સારી જાતની માછલીઓ ઉછેરી હોય તો તેઓ તેમાંથી પકડી મંડળીને વેચી શકે. કારણ કે હાવરા એકસપ્રેસ દ્વારા નવાપુર સ્ટેશનથી માછલી કલકત્તાના બજાર સુધી અહીંથી જવાની વ્યવસ્થા છે. તો આ ઉધોગને વ્યવસ્થિત કરવામાં આવે તો ઘણી સારી રોજી પ્રાપ્ત થઇ શકે.



૧૧. આ વિસ્તારમાં જંગલ પર આધારિત ઉધોગો કરવામાં આવે તો તેમાંથી પણ થોડુંક કામ મળી શકે.

૧૨. આ સિવાય અહીંના યુવાન છોકરાઓને સુથારી, દરજીકામ, હીરા ઘસવાનું લાઇટ ફીટીંગ, મોટર ડ્રાઇવીંગ વગેરે કામોની તાલીમ આપી શકાય તેટલા સાધનો આપવામાં આવે તો મોટા ભાગનાને કામકાજ વિસ્તારમાં જ મળી રહે.

૧૩. ગામમાં એક પણ દુકાન નથી. પહેલા હતી તે પણ બંધ પડી ગઇ છે. તો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વ્યાજબી ભાવે મળે તે માટે સહકારી મંડળી દ્વારા સસ્તા અનાજની દુકાન ગામના શિક્ષિત વ્યકિતને પગારદાર તરીકે રાખી શરૂ કરવી જોઇએ કે તે વ્યકિતને લોન આપી શરૂ કરવામાં આવે તો તેને રોજી મળી શકે અને ગામના લોકોને વ્યાજબી ભાવે જીવન જરૂરિયાતની વસ્તુઓ પ્રાપ્ત થાય.

૧૪. શિક્ષણની વ્યવસ્થા ૧૯૬૯ માં હતી તેમાં બહું ફરક પડયો નથી. તો શિક્ષણ લેતા થાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

૦:૦:૦:૦:૦:૦:૦:૦:૦